શ્રી જૈન સ્તુતિ.

સ્તુતિ, છંદ, ચૈત્યવંદન, ભક્તામર,
કલ્યાણમંદિર સ્તોત્ર વિગેરે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગોરધનદાસ રૂગનાથદાસ શાહ.

આકાશેઠના કુવાની પોળ—અમદાવાદ

(આવૃત્તિ ૨ જી)

સંવત. ૧૯૬૨ સને ૧૯૦૬.

જૈન પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ

કિંમત બે આના.

आनुपूर्व्वि.

જ્યાં ૧ હોય ત્યાં નમો અરીહંતાણું કહેવું.
જ્યાં ૨ હોય ત્યાં નમો સીદ્ધાણું કહેવું.
જ્યાં ૩ હોય ત્યાં નમો આયરીયાણું કહેવું.
જ્યાં ૪ હોય ત્યાં નમો ઉવઝાયાણું કહેવું.
જ્યાં ૫ હોય ત્યાં નમો લોએસવસાહુણું કે.

ચોપાઇ તથા દોહરા.

આનુપૂર્વિ ગણજ્યો જોય, છમાસી તપનું ફલ હોય; સંદેહ નવ આણો લગાર, નીર્મલ મને જપો નવકાર. ૧ શુદ્ધ વસ્ત્રે ધરી વીવેક, દીન દીન પ્રત્યે ગણવી એક; એમ આનુપૂર્વિ ગણે તે પાંચસે સાગરના પાપને હણે. ૨

એક અક્ષર નવકારનો, શુદ્ધ ગણે જે સાર,
તે બાંધે શુભ દેવનું, આયુષ્ય અપરંમપાર. ૧
ઓગણીશલાખ ત્રેસઠહજાર, બસેંબાસઠ પળ
ત્યાંહાંસુધી તે ભોગવે, નવકાર મંત્રનું ફળ. ૨
અશુભકર્મ કે હરણકું, મંત્ર બડો નવકાર,
વાણી દ્વાદસ અંગમે, દેખલીયો તત્વસાર. ૩

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

૧	૨	૪	૩	૫
૨	૧	૪	૩	૫
૧	૪	૨	૩	૫
૪	૧	૨	૩	૫
૨	૪	૧	૩	૫
૪	૨	૧	૩	૫

૧	૩	૪	૨	૫
૩	૧	૪	૨	૫
૧	૪	૩	૨	૫
૪	૧	૩	૨	૫
૩	૪	૧	૨	૫
૪	૩	૧	૨	૫

૨	૩	૪	૧	૫
૩	૨	૪	૧	૫
૨	૪	૩	૧	૫
૪	૨	૩	૧	૫
૩	૪	૨	૧	૫
૪	૩	૨	૧	૫

૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪

१	३	५	२	४
३	१	५	२	४
१	५	३	२	४
५	१	३	२	४
३	५	१	२	४
५	३	१	२	४

२	३	५	१	४
३	२	५	१	४
२	५	३	१	४
५	२	३	१	४
३	५	२	१	४
५	३	२	१	४

૧	૨	૪	૫	૩
૨	૧	૪	૫	૩
૧	૪	૨	૫	૩
૪	૧	૨	૫	૩
૨	૪	૧	૫	૩
૪	૨	૧	૫	૩

૧	૨	૫	૪	૩
૨	૧	૫	૪	૩
૧	૫	૨	૪	૩
૫	૧	૨	૪	૩
૨	૫	૧	૪	૩
૫	૨	૧	૪	૩

૧	૪	૫	૨	૩
૪	૧	૫	૨	૩
૧	૫	૪	૨	૩
૫	૧	૪	૨	૩
૪	૫	૧	૨	૩
૫	૪	૧	૨	૩

૨	૪	૫	૧	૩
૪	૨	૫	૧	૩
૨	૫	૪	૧	૩
૫	૨	૪	૧	૩
૪	૫	૨	૧	૩
૫	૪	૨	૧	૩

૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

૨	૨	૨	૨	૨	૨
૧	૧	૧	૧	૧	૧
૫	૫	૪	૪	૩	૩
૪	૩	૫	૩	૫	૪
૩	૪	૩	૫	૪	૫

૨	૨	૨	૨	૨	૨
૩	૩	૩	૩	૩	૩
૫	૫	૪	૪	૧	૧
૪	૧	૫	૧	૫	૪
૧	૪	૧	૫	૪	૫

૨	૩	૪	૫	૧
૩	૨	૪	૫	૧
૨	૪	૩	૫	૧
૪	૨	૩	૫	૧
૩	૪	૨	૫	૧
૪	૩	૨	૫	૧

૨	૩	૫	૪	૧
૩	૨	૫	૪	૧
૨	૫	૩	૪	૧
૫	૨	૩	૪	૧
૩	૫	૨	૪	૧
૫	૩	૨	૪	૧

१	१	१	१	१	१
२	२	२	२	२	२
५	५	४	४	३	३
४	३	५	३	५	४
३	४	३	५	४	५

१	१	१	१	१	१
३	३	३	३	३	३
५	५	४	४	२	२
४	२	५	२	५	४
२.	४	२	५	४	५

છંદ સંગ્રહ.

ॐ असिआउसाय नमः

પ્રથમ સિદ્ધ પરમાત્માની સ્તુતી.

હરીગીત છંદમાં.

તુમ્હે તરણ તારણ દુખ નિવારણ ભવિક જીવ આરાધનં, શ્રી નાભીનંદન જગત વંદન નમો સિદ્ધ નિરંજનં. ૧ જગત ભુપણ વિગત દુષણ પ્રવણ પ્રાણ નિરૂપકં, ધ્યાન રૂપ અનોપ ઉપમ નમો૦ ૨ ॥ ગગન મંડળ મુક્તિ પદવી સર્વ ઉર્દ્ધ નિવાસનં, જ્ઞાન જ્યોતિ અનંત રાજે નમો૦ ૩ અજ્ઞાન નિંદ્રા વિગત વેદન દલિત મોહ નીરાયુષં, નામ ગોત્ર નિરંતરાયં નમો૦ ૪ વિકટ ક્રોધા માન યોધા માયા લોભ વિસર્જનં, રાગ દ્વેષ વિમર્દ અં-

કુર નમો૦ ૫ વિમલ કેવળ જ્ઞાન લોચન
ધ્યાન શુકલ સમીરિતં, યોગીના તિગમ્ય
રૂપં નમો૦ ૬ યોગ ને સમોસરણુ મુદ્રા પરી
પલ્ય કાસનં, સર્વ દીસે તેજ રૂપં નમો૦ ૭
જગત જીનકે દાસ દાસી તાસ આસ નિ-
રાસનં, ચંદ્રપે પરમાનંદ રૂપં નમો૦ ૮ સ્વ
સમય સમકિત દ્રષ્ટી જિનકી સોઅ યોગી
અયોગીકં, દેખતામાં લીન હોવે નમો૦ ૯
તિર્થ સિદ્ધા અતિર્થ સિદ્ધા ભેદ પંચ દશા-
દ્ધિકં, સર્વ કર્મ વિમુક્ત ચેતન નમો૦ ૧૦
ચંદ્ર સુર્ય દીપ મણીકી જયોતિ તે ન ઉ-
લંઘિતં, તે જયોતિથી અપરમ જયોતિ નમો૦
૧૧ એકમાંહિ અનેક રાજે અનેકમાંહિ એ-
કકં, એક અનેકકી નાંહિ સંખ્યા નમો૦ ૧૨
અજર અમર અલચ અનંત નિરાકાર નિ-
રંજનં, પરિબ્રહ્મ જ્ઞાન અનંત દર્શન નમો૦
૧૩ અતુલ સુખકી લહેરમેં પ્રભુ લીનં રહે

નિરંતરં, ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન મમો૦ ૧૪ ધ્યાન ધુપં મનઃ પુષ્પ પંચેઇંદ્રી હુતાશનં, ક્ષમા જાપ સંતોષ પુજા પુજો દેવ નિરંજનં૦ ૧૫ તુમ્હે મુક્તિ દાતા કર્મ ઘાતા દીન જાણી દયા કરો, સિદ્ધારથ નંદન જગત વંદન, માહા વીર જીનેશ્વરં. ૧૭ ઇતિ।।

શ્રી પાર્શ્વનાથ સ્વામીનો છંદ.

(તોટક વૃતની દેશીમાં.)

જય જય જગ નાયક પાર્શ્વજિનં, પ્રણુતા ખિલ માનવ દેવગણું ।। જીન શાસન મંડન સ્વામી જયો, તુમ દરિશન દેખી આનંદ ભયો ।।૧।। અશ્વસેન કુલાંબર ભાનુનિભં, નવ હસ્ત શરીર હરિત પ્રતિભં. ધરણેંદ્ર સુસેવિત પાદ યુગં, ભર ભાસ્કર કાંતિ સદા સુભગં ।।૨।। નિજ રૂપ વિનિર્જિત રંભ

પતિ, વદનો દ્યુતી શારદ શોમતતિ ॥ નયનાંબુજ દીસ વિશાળતરા, તિલકુસુમ સન્નિભ નાસા પ્રલરા ॥૩॥ રસનામૃત કંદ સમાન સદા, દશનાવળિ અનાર કલિ સુખદા ॥ અધરા રૂણુ વિદ્રુમ રંગ ઘનં, જય પુરૂસાદાણી પાર્શ્વજિનં ॥૪॥ અતિચારૂ મુકુટ મસ્તક દીપે, કાને કુંડળ રવિશશિ જીપે ॥ તુજ મહિમા મહિમંડળ ગાજે નિત પંચ શબ્દ વાજાં વાજે ॥૫॥ સુરકિન્નર વિદ્યાધર આવે, નર નારી તોરા ગુણ ગાવે ॥ તુજ સેવે ચોશઠ ઇંદ્ર સદા, તુજ નામે નાવે કષ્ટ કદા ॥૬॥ જે સેવે તુજને ભાવ ઘણે, નવ નિધિ થાય ઘર તેહ તણે ॥ અડવડીઆ તું આધાર કહ્યો, સમરથ સાહિબ મેં આજ લહ્યો ॥૭॥ દુખિયાને સુખદાયક તું દાખે, અસરણને શરણે તું રાખે ॥ તુજ નામે સંકટ વિકટ ટળે, વિછડિયાં વ્હાલાં આવી મળે

॥૮॥ નટવિટ લંપટ દુરે નાસે, તુજ નામે ચોર ચરડ ત્રાસે ॥ રણુ રાઉલ જય તુજ નામ થકી, સઘળે આગળ તુજ સેવ થકી ॥૯॥ યક્ષ રાક્ષસ કિન્નર સવિ ઉરગા, કરી કેસરિ દાવાનળ વિહગા વધબંધન ભય સઘળા જાવે, જે એક મને તુજને ધ્યાવે ॥૧૦॥ ભુત પ્રેત પિચાસ છળી ન શકે, જગદીશ તવા ભિધ જાપ થકે ॥ મહોટા જોટીંગ રહે દુરે, દૈત્યાદિકના તું મદ ચુરે ॥૧૧॥ ડાયણિ સાયણિ જાય હટકી, ભગવંત થાય તુજ ભજન થકી ॥ કપટી તુજ નામ લિયા કંપે, દુરજન મુખથી જીજી જંપે ॥૧૨॥ માની મચ્છરાળા મુહ મોડે, તે પણ આગળથી કર જોડે ॥ દુર મુખ દુષ્ટાદિક તુંહિ દમે, તુજ નામે મ્હોટા મલેચ્છ નમે ॥૧૩॥ તુજ નામે માને નૃપ સબળા. તુજ જશ ઉજ્વળ જેમ ચંદ્રકળા ॥ તુજ નામે પામે આદ્ધ ઘણી

જય જય જગદીશ્વર ત્રિજગધણી ॥૧૪॥
ચિંતામણી કામ સવી પામે, હયગય રથ
પાયક તુજ નામે ॥ જનપદ ઠકુરાઈ તું આપે,
દુર્જન જનનાં દારિદ્ર કાપે ॥૧૫॥ નિર્ધનને
તું ધનવંત કરે, તૂઠયો કોઠાર ભંડાર ભરો
ઘર પુત્ર કલત્ર પરિવાર ઘણો તે સહુ મ-
હિમા તુમ નામ તણો ॥૧૬॥ મણી માણેક
મોતી રત્ન જડયાં, સોવન ભૂષણ બહુ સુ-
ઘડ ઘડયાં ॥ વળી પહેરણ નવરંગ વેષ ઘણાં,
તુમ નામે નવિ રહે કાંઇ મણા ॥૧૭॥ વૈરી
વિરૂઓ નવિ તાકિ શકે, વળિ ચોર ચુગલ
સનથી ચમકે ॥ છળ છિદ્ર કદા કેહનો ન
લગે, જીનરાજ સદા તુજ જયોત જગે ॥૧૮॥
ઠગ ઠાકુર સવિ થર હર કંપે, પાખંડી પણ
કો નવિ ફરકે ॥ લુંટાદિક સહુ નાસી જાયે,
મારગ તુજ જપતાં જય થાયે ॥૧૯॥ જડ
મુરખ જે મતિ હિન વળી, અજ્ઞાન તિમિર

તસ દોષ નગી, તુજ સમરણથી ઉદ્યા થાએ
વંછિત પદ પામી પૂજાએ ॥૨૦॥ પાસે પાંસી
ખાંસન પીડા નાશે, દુરબળ મુખ દીનપણું
ત્રાસે ॥ ગડ ગુંબડ કુષ્ટ જિકે સબળા, તુજ
જાપે રોગ સમે સઘળા ॥૨૧॥ ગહિલા ગુંગા
બહિરાય જિકે, તુજ ધ્યાને ગત દુઃખ થા-
યતિકે ॥ તનું કાંતિ કળા સુવિશેષ વધે;
તુજ સમરણ શું નવનિધિ સધે ॥૨૨॥ કરિ
કેસરિ અહિરણ બંધ સયા જળ જલણ જ-
લોદર અષ્ટ ભયા ॥ રાંગણ પમુહા સવિ
જાય ટળી, તુજ નામે પામે રંગરળી ॥૨૩॥
ૐ હ્રીં અર્હં શ્રી પાર્શ્વનમો, નમિઊણ જપંતા
દુષ્ટ દમે ॥ ચિંતામણી મંત્રજિકે ધ્યાયે,
તિણઘર દિન દિન દોલત થાયે ॥૨૪॥ ત્રિ-
કરણ શુદ્ધે જે આરાધે, તસ જશ કીર્ત્તિ
જગમાં વાધે ॥ વળી કામિત કામ સવે સધે
સમિહિત ચિંતામણિ તુજ લાધે ॥૨૫॥ મદ

મચ્છર મનથી દૂર તજે, ભગવંત ભલીપરે જેહ ભજે ॥ તસ ઘર કમળા કલ્લોલ કરે વળિ રાજ્ય રમણિ બહુ લીલવરે ॥૨૬॥ ભય વારક તારક તું ત્રાતા, સજ્જન મન ગતિ મતિનો દાતા ॥ માત તાત સહોદર તું સ્વામી, શિવ દાયક નાયક હિત કામી ॥૨૭॥ કરૂણાકર ઠાકુર તું મ્હારો નિશિવાસર નામ જપુ ત્હારો ॥ સેવક શું પરમકૃપા કરજ્યો, વાલેશર વંછિત ફળ દેજ્યો ॥૨૮॥ જીનરાજ સદા તું જયકારી, તુજ મૂર્ત્તિ અતિ મોહન-ગારી ॥ મુગત મેહેલ માહિ તુહી બીરાજે ત્રિભુવન ઠકુરાઇ તુજ છાજે ॥ ૨૯ ॥ ઇમ ભાવ ભલે જીનવર ગાયો, વામા સુત દેખી બહુ સુખ પાયો ॥ રવિ શશિ મુનિસંવચ્છર રંગે, જય દેવ સુરમાં સુખ સંગે ॥ ૩૦ ॥ જય પુંરૂસાદાણી પાર્શ્વ પ્રભો, સકળાર્થં સ-સિદ્ધિત દેહિ વિભો ॥ સુખ હર્ષ રૂચિ વિ-

જ્યાય મુદા, તપ લબ્ધિ રૂચિ સુખ થાય સદા ॥ ૩૧ ॥

કળશ (વસંતતિલકા વૃત્તમ.)

ઇત્થં સ્તુતઃ સકળ કામિત સિદ્ધિદાતા, નક્ષાધિરાજનત પાર્શ્વપ્રભોધિરાજ ॥ સ્વસ્તિ· શ્રી હર્ષ રુચિ પંકજ સુપ્રસાદાત, શિષ્યેણ લબ્ધ રુચીને તીમુદા પ્રસન્નઃ

અથ શ્રી પાર્શ્વનાથ સ્વામીનો છંદ.

આપણુ ઘર બેઠા લીલ કરો, નિજ પુત્ર કલત્ર શું પ્રેમ ધરો ॥ તુમે દેશ દેશાંતર કાંઇ દોડો, નિત્યપાસ જપો જીનશ્રી રૂડો ॥૧॥ મનવંછિત સઘળાં કાજ સરે, શીર ઉપર છત્ર ચામર ધરે, કલમલ આગલ ચાલે ઘોડા ॥નિત્યબાંરા॥ ભુત પ્રેત પિશાચ વળી, શાકણિ ને ડાયણી

જાય ટળી ॥ છળ છિદ્ર ન કોઈ લાગે જુડો ॥ નિત્ય૦ ॥૩॥ એકાંતર તાવ સિયોહાહુ, ઔષધ વિણ જાય ક્ષણુ માંહુ ॥ નવિ દુઃખે માથું પગ ગુડો ॥ નિત્ય૦ ॥ ૪ ॥ કંઠમાળ ગઠ ગુંબડ સબળા, તસ ઉદર રોગ ટળે સઘળા ॥ પીડા ન કરે ફિન ગળ ફોડો નિત્ય૦ ॥૫॥ જાગતો તિર્થંકર પાસ બહુ, એમ જાણે સઘળો જગત સહુ ॥ તતક્ષણુ અશુભ કર્મ તોડો ॥ નિત્ય૦ ॥ ૬ ॥ પાસ વાણારશિપુરી નગરી, તિહા ઉંદયો જિનવર ઉદય કરી ॥ સંમય સુંદર કહે કર જોડો ॥ નિત્ય૦ ॥૭॥

અથ શ્રી શાંતિનાથ સ્વામીનો છંદ.

શારદ માય નમું શિરનામી, હું ગુણ ગાઉં ત્રિભુવન કે સ્વામી ॥ શાંતિ શાંતિ જપે સબ કોઈ, તે ઘેર શાંતિ સદા સુખ હોઈ

॥૧॥ શાંતિ જપી જે કીજે કામ, સોહી કામ હોવે અભિરામ॥ શાંતિ જપી પરદેશ સધાવે, તે કુશળે કમળા લેઇ આવે ॥ ૨ ॥ ગર્ભ થકી પ્રભુ મારિ નિવારી, શાંતિજી નામ દિયો હિતકારી ॥ જે નર શાંતિ તણા ગુણ ગાવે, ઋદ્ધિ અચિંતી તે નર પાવે ॥ ૩ ॥ જે નરકું પ્રભુ શાંતિ સહાઇ, તે નરકું ક્યા આરતી ભાઇ ॥ જો કછુ વંછે સોહી પુરે, દુઃખ દારિદ્ર મિથ્યા મતિ ચુરે ॥૪॥ અલખ નિરંજન જ્યોત પ્રકાશી; ઘટ ઘટ અંતર કે પ્રભુ વાસી ॥ સ્વામી સ્વરૂપ કહ્યું નવિ જાય, કહેતાં મુજ મન અચરીજ થાય ॥ ૫ ॥ ડાર દીયે સબહી હથિયારા, જીત્યા મોહ તણા દળ સારા ॥ નારી તજી શિવશું રંગ રાચ્યો, રાજ તજ્યો પણ સાહિબ સાચો ॥૬॥ મહા બળવંત કહીજે દેવા, કાયર કુંથુ એક હણેવા ॥ રૂદ્ધિ સબળ પ્રભુ પાસ

લહીજે, ભિક્ષા આહારી નામ કહીજે ॥૭॥ નિંદક ભુજંગકું સમ ભાયક, પણ સેવકકું સુખદાયક ॥ તજી પરિગ્રહ હુવા જગનાયક, નામ અતિથિ સવે સિદ્ધિ લાયક ॥૮॥ શત્રુ મિત્ર સમ ચિત્ત ગણીજે, નામ દેવ અરિહંત ભણીજે ॥ સકળ જીવ હિતવંત કહીજે, સેવક જાણી માહાપદ દીજે ॥૯॥ સાયર જેસા હોત ગંભિરા, દુષણ એક ન માહે શરીરા, મેરૂ અચળ જિમ અંતર જામી, પણ ન રહે પ્રભુ એકણુ ઠામી ॥૧૦॥ લોક કહે જિનજી સબ દેખે પણ સુપનાંતર કબહુ ન પેખે ॥ રીસ વિના બાવીશ પરીસા, સેના જીતી તે જગદીશા ॥ ૧૧ ॥ માન વિના જગ આણ મનાઇ, માયા વિના શિવ શું લય લાઇ ॥ લોભ વિના ગુણ રાશિ ગ્રહીજે, ભિક્ષુ ભાવે ત્રિભુવન સેવીજે ॥ ૧૨ ॥ નિગ્રંથપણું શિર છત્ર ધરાવે, નામ યતિ પણ ચમર ઢળાવે ॥ અ-

ભયદાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે
અરિદારણ ॥૧૩॥ શ્રી જિનરાજ દયાળ ભ-
ણીજે, કર્મ સર્વેકો મૂળ ખણીજે ॥ ચઉવિહ
સંઘહ તિરથ થાપે, લચ્છી ઘણી દેખે નવિ
આપે ॥ ૧૪ ॥ વિનયવંત ભગવંત કહાવે,
નાંહિ કીસીકું શિશ નમાવે ॥ અકંચનકો
બીરૂદ ધરાવે, પણ સોવન પદ પંકજ ઠાવે
॥ ૧૫ ॥ રાગ નહિ પણ સેવક તારે, દ્વેષ
નહી નિગુણા સંગ વારે ॥ તજી આરંભ
નિજ આતમ ધ્યાવે, શિવ રમણીકો સાથ
ચલાવે ॥ ૧૬ ॥ તેરા મહિમા અદભૂત કહી
એ તેરા ગુણકો પાર ન લહિએ ॥ તું પ્રભુ
સમરથ સાહેબ મેરા, હું મન મોહન સેવક
તેરા ॥૧૭॥ તુંરે ત્રિલોક તણો પ્રતિપાળ,
હુંરે અનાથ ને તુંરે દયાળ ॥ તું શરણાગત
રાખત ધીરા, તું પ્રભુ તારક છે વડ વીરા
॥૧૮॥ તુજ્જ સમો વડ ભાગજ પાયો તો

મેરો કાજ ચડયોરે સવાયો, ॥ કરજોડી પ્રભુ વીનવું તમશું કરો કૃપા જિનવરજી અમશું ॥૧૯॥ જનમ મરણના ભય નિવારો, ભવ સાગરથી પાર ઉતારો ॥ શ્રી હસ્થિણાપુર મંડણ સોહે, ત્યાં શ્રી શાંતિ સદા મન મોહે ॥૨૦॥ પદ્મ સાગર ગુરૂરાય પસાયા, શ્રી ગુણ સાગર કહે મન ભાયા ॥ જે નર નારી એક ચિત્ત ગાવે, તે મનવાંછિત નિશ્ચે પાવે ॥ ૨૧ ॥ ઇતિ ॥

અથ શ્રી ગૌતમ સ્વામીનો છંદ.

વીરજિણેશર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ ॥ જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥ ૧ ॥ ગૌતમ નામે ગિરિવર ચડે, મનવંછિત હેલા સંપડે ॥ ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ ॥ ૨ ॥ જે વૈરી વિરુઆ વંકડા,

તસ નામે નાવે દુકડા ॥ ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ ॥૩॥ ગૌતમ નામે નિર્મળકાય, ગૌતમ નામે વાધે આય ॥ ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર ॥૪॥ શાળિ દાળ સુરહા ઘૃત ગોળ, મનવંછિત કાપડ તંબોળ ॥ ઘર સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત ॥૫॥ ગૌતમ ઉગ્યો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ ॥ મ્હોટાં મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ ॥૬॥ ઘર મયંગ ઘોડાની જોડ, વારૂ પહોચે વંછિત કોડ ॥ મહિયળ માને મ્હોટા રાય, જો તુઠે ગૌતમના પાય ॥૭॥ ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે ॥ ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન ॥૮॥ પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ

છે બહુ ॥ કહે લાવણ્ય સમય કરજોડ, ગૌ-
તમ તૂઠે સંપતિ કોડ ॥ ૯ ॥ ઇતિ ॥

અથ શ્રી સોળ સતીનો છંદ

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મ-
નોરથ કીજિએ ॥ પ્રભાતે ઉઠી મંગળિક
કામે; સોળ સતિના નામ લીજીએ ॥ ૧ ॥
બાળકુમારી જગહિતકારી, બ્રાહ્મી ભરતની
બેનડીએ ॥ ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપે,
સોળ સતિમાં જે વડીએ ॥૨॥ બાહુ બળ
ભગિની સતીય શિરોમણી, સુંદરી નામે ઋ-
ષભ સુતાએ ॥ અંક સ્વરૂપી ત્રિભુવન માંહે,
જેહ અનોપમ ગુણ જુતાએ ॥૩॥ ચંદન-
બાળા બાળપણેથી, શિયળવંતા શુદ્ધ શ્રાવિ-
કાએ ॥ અડદના બાકુળા વીર પ્રતિલાભ્યા,
કેવળ લહી વ્રત ભાવિકાએ ॥૪॥ ઉગ્રસેન

ધુયા ધારિણી નંદની, રાજેમતી નેમ વલ્લભા એ ॥ જોબન વેશે કામને જીત્યો સંજમ લેઇ દેવ દુલ્લભાએ ॥૫॥ પંચ ભરતારી પાંડવ નારી, દ્રુપદતનયા વખાણીએ ॥ એકસો આઠે ચીર પુરાણું, શીયળ મહિમા તસ જાણીયે ॥ ૬ ॥ દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશલ્યા કુળ ચંદ્રિકાએ ॥ શીયળ સલૂણી રામ જનેતા, પુણ્ય તણી પ્રનાળીકા એ ॥૭॥ કૌસંબિક ઠામે સતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીયો એ ॥ તસ ઘર ઘરણી મૃગાવતી સતી સુર ભુવને જશ ગાજીયો એ ॥૮॥ સુળશા સાચી શીયળે ન કાચી, રાચી નહી વિષયારસે એ ॥ મુખડું જોતાં પાપ પલાએ, નામ લેતાં મન ઉલ્લસે એ ॥ ૯ ॥ રામ રઘુવંશી તેહની કામિની જનકસુતા સીતાસતીએ ॥ જગસહુ જાણે ધીજ કરંતાં, અનળ શીતળ થયો શીયળથી

એ ॥ ૧૦ ॥ સુરનર વંદિત શીયળ અખં-
ડિત, શીવા શીવ પદ ગામનીએ ॥ જેહને
નામે નીર્મળ થઇએ, બલીહારી તસ નામની
એ ॥ ૧૧ ॥ કાચે તાંતણે ચાલણી બાંધી
કૂપ થકી જળ કાઢીયું એ ॥ કલંક ઉતાર-
વા સતીય સુભદ્રા, ચંપા બાર ઉઘાડીયું એ
॥ ૧૨ ॥ હસ્તીનાંગપુરે પાંડુ રાયની, કુંતા
નામે કામીનીએ ॥ પાંડવ માતા દસે દસા-
રની, બ્હેન પતીવૃતા પદ્મનીએ ॥૧૩॥ શી-
ળવતી નામે શીળવ્રત ધારીણી, ત્રીવીધે તે-
હને વંદીયે એ ॥ નામ જપંતા પાતક
જાએ, દરીસણે દુરીત નીકંદીયે એ ॥૧૪॥
નીષધાનગરી નળહ નરીંદની, દમયંતી તસ
ગેહીની એ ॥ સંકટ પડતાં શીયળજ રાખ્યું,
ત્રીભુવન કીર્તી જેહની એ ॥ ૧૫ ॥ અનંગ
અજીતા જગ જન પુજીતા, પુષ્પચુળા ને
પ્રભાવતી એ ॥ વીશ્વ વીખ્યાતા કમીત દાતા,

સોળમી સતી પદમાવતી એ ॥ ૧૬ ॥ વીરે
ભાંખી શાસ્ત્રે સાખો, ઉદય રતન ભાખે મુ-
દાએ ॥ વ્હાલુ વાતા જે નર ભણશે, તે
લેશે સુખ સંપદા એ ॥૧૭॥ ઇતી

અથ શ્રી ચિંતામણી પાર્શ્વનાથનો છંદ.

(દોહા.)

કલ્પવેલ ચીંતામણી, કામધેનુ ગુણ ખાણ ॥
અલખ અગોચર અગમ ગતી, ચીદાનંદ
ભગવાન ॥ ૧ ॥ પરમ જ્યોતી પરમાત્મા,
નીરાકાર કીરતાર, નીર્ભય રૂપ જ્યોતીસરૂ
પુરણ બ્રહ્મ અપાર ॥૨॥ અવીનાશી સાહીબ
ધણી, ચીંતામણી શ્રી પાસ ॥ અરજ કરૂં કર
જોડ કે, પુરો વંછીત આશ ॥૩॥ મન ચી-
તીત આશા ફળે, સકલ સીધ્ધે કામ ॥ ચીં-
તામણીકો જપ જાપ નીતા હરે એ નામ ॥૪॥

તુમ સમ મેરેકો નહી ચીંતામણી ભગવાન ॥ ચેતનકી એહ વીંનતી, દીજે અનુભવ જ્ઞાન ॥ ૫ ॥

(ચોપાઇ.)

પ્રાણુત દેવલોકથી આયે, જન્મ વાણારશી નગરી પાયે ॥ અશ્વસેન કુળ મંડન સ્વામી, ત્રીહુ જગકે પ્રભુ અંતરજામી ॥ ૬ ॥ વામા દેવી માતાકે જાયે, લંછન નાગ ફણી મણી પાયે ॥ શુભ કાયા નવ હાથ વખાણો, નીલ વરણ તનુ નીર્મળ જાણો ॥૭॥ માનવ જક્ષ સેવે પ્રભુ પાય, પદ્માવતી દેવી સુખદાય ॥ ઇંદ્ર ચંદ્ર પારસ ગુણ ગાવે, કલ્પવૃક્ષ ચીં-તામણી પાવે ॥૮॥ નિત સમરો ચીંતામણી સ્વામી, આશા પુરે અંતરજામી ॥ ધન ધન પારસ પુરીસાદાણી, તુમ સમ જગમે કો નહી નાણી ॥૯॥ તુમારો નામ સદા સુખ-

કારી, સુખ ઉપજે દુઃખ જાય વીસારી ॥ ચેતનકો મન તુમારે પાસ, મન વંછીત પુરો પ્રભુ આશ ॥ ૧૦ ॥

(દોહા.)

ૐ ભગવંત ચીંતામણી, પાર્શ્વ પ્રભુ જીનરાય ॥ નમો નમો તુમ નામસેં, રોગ શોગ મીટ જાય ॥૧૧॥ વાત પીત્ત દુરે ટળે, કફ નહી આવે પાસ ॥ ચીંતામણીકે નામસેં મીટે શ્વાસ ઓર ખાસ ॥ ૧૨॥ પ્રથમ દુસરો તીસરો, તાવ ચોથીયો જાય શુળ બેકોતેર દુરે રહે, દાદર ખાજ ન રહાય ॥૧૩॥ વીસ્ફોટક ગડ ગુંબડાં, કોઢ અઢારે દુર ॥ નેત્ર રોગ સબ પરીહરે, કંઠમાળ ચકચુર ॥૧૪॥ ચીંતામણીકે જાપસેં રોગ શોગ મીટ જાય, ચેતન પાર્શ્વ નામ કો, સમરો મન ચીત લાય ॥ ૧૫ ॥

ચોપાઇ.

મન શુદ્ધ સમરો ભગવાન, ભય ભંજન ચિંતામણી ધ્યાન ॥ ભૂત પ્રેત ભય જાવે દુર, જાપ જપે સુખ સંપતિ પૂર ॥૧૬॥ ડાકણ શાકણ વ્યંતર દેવ, ભય નહીં લાગે પારસ સેવ ॥ જળચર થલચર ઉરપર જીવ, ઇનકો ભય નહી સમરો પીવ ॥૧૭॥ વાઘ સિંહકો ભય નહીં હોય, સર્પ ગોહુ આવે નહિ કોય ॥ વાટ ઘાટમેં રક્ષા કરે ચિંતામણી ચીંતા સબ હરે ॥૧૮॥ ટોણાં ટામણ જાદુ કરે, તુમારો નામ લેતાં સબ ડરે ॥ ઠગ ફાંસીગીર તસ્કર હોય, દ્વેષી દુશમન દુષ્ટજ કોય ॥૧૯॥ ભય સબ ભાગે તુમારે નામ, મન વાંછિત પુરો સબ કામ ॥ ભય નીવારણ પૂરે આશ, ચેતન જપ ચિંતામણી પાસ ॥ ૨૦ ॥

(દોહા.)

ચીંતામણી કે નામસેં સકળ સીદ્ધવે કામ

॥ રાજ ઋદ્ધી રમણી મળે, સુખ સંપતી બહુ દામ ॥૨૧॥ હય ગય રથ પાયક મળે, લક્ષ્મીકો નહી પાર ॥ પુત્ર કલત્ર મંગળ સદા, પાવે શીવ દરબાર ॥૨૨॥ ચેતન ચીંતા હરણકો, જાપ જપે તિન્ કાળ ॥ કર આંબિલ ષટ માસકો, ઉપજે મંગળ માળ ॥ ૨૩ ॥ પારસ નાગ પ્રભાવથી, વાધે બળ બહુ જ્ઞાન ॥ મનવંછિત સુખ ઉપજે, નિત સમરો ભગવાન ॥૨૪॥ સંવત અઢારા ઉપરે, સાડત્રિશકો પરિમાણ ॥ પોષ શુક્લ દિન પંચમી, વાર શનિશ્ચર જાણ ॥૨૫॥ પઢે ગુણે જો ભાવશું, સુણે સદા ચિત લાય ॥ ચેતન સંપતિ બહુ મળે, સમરો મન વચ કાય ॥ ૨૬ ॥

અથ શ્રી મહાવીર સ્વામીનો છંદ.

શ્રી સિદ્ધારથ કુળ શણગાર, ત્રિશલા દેવી સુત જગ આધાર ॥ શોભે સુંદર સોવન વાન, શરણુ તમારૂં શ્રી વર્દ્ધમાન ॥ ૧ ॥ તુમ નામે લહિયે સંપદા, તુમ નામે મન વંછીત મુદા ॥ તુમ નામે લહીયે સનમાન, શરણુ૦ ॥ ૨ ॥ દુર્જન દુષ્ટ વૈરી વીકરાળ, તુમ નામે નાસે તતકાળ ॥ તુમ નામે દીન દીન કલ્યાણ, શરણુ૦ ॥૩॥ તુમ નામે નાયે આપદા, ભુત પ્રેત વ્યંતર નહી કદા ॥ રોગ શોગ ચીંતા નવી જાણ, શરણુ૦ ॥૪॥ ગ્રહાદીક પીડા નવી કરે નામ તમારૂ જે અનુસરે ॥ ધર્મસીંહ મુની ભાવ પ્રધાન, શરણુ૦ ॥૫॥ ઇતી ॥

અથ શ્રી પાંસઠીયા યંત્રનો છંદ.

૨૨	૩	૯	૧૫	૧૬
૧૪	૨૦	૨૧	૨	૮
૧	૭	૧૩	૧૯	૨૫
૧૮	૨૪	૫	૬	૧૨
૧૦	૧૧	૧૭	૨૩	૪

શ્રી નેમીશ્વર સંભવ શામ, સુવીધી ધર્મ શાંતિ અભીરામ ॥ અનંત સુવ્રત નમીનાથ સુજાણ, શ્રી જીનવર મુજ કરો કલ્યાણ ॥૧॥ અજીતનાથ ચંદ્ર પ્રભુ ધીર, આદીશ્વર સુપાર્શ્વ ગંભીર ॥ વીમળનાથ વીમળ જગ જાણ, શ્રી જીનવર ॥૨॥ મલ્લીનાથ જીન મંગળ રૂપ, પચવીશ ધનુષ સુંદર સ્વરૂપ ॥ શ્રી અરનાથ નમુ વર્દ્ધમાન, શ્રી જીનવર॥ ૩ ॥ સુમતી પદ્મ પ્રભ અવતંસ વાસુ પુજ્ય શી-

તજી શ્રેયાંસ ॥ કુંથુપાર્શ્વ, અભીનંદન ભાણુ, શ્રી જીનવર૦ ॥૪॥ ઇણીપરે જીનવર સંભારીયે દુઃખ દારીદ્ર વીઘ્ન નીવારિયે ॥ પચ્ચીશે પાંસઠ પરમાણુ, શ્રી જીનવર ॥૫॥ ઇમભણુતાં દુઃખ નાવે કદા જો નિજ પાસે રાખો સદા ॥ ધરીયે પંચતણું મન ધ્યાન, શ્રી જિનવર ॥૬॥ શ્રી જિનવર નામે વંછિત મળે, મનવંછિત સહુ આશા ફળે ॥ ધર્મસિંહ મુનિ નામ નિધાન, શ્રી જિનવર૦ ॥૭॥ ઇતિ૦ ॥

અથ શ્રી નવકારનો છંદ.

સુખ કારણ ભવિયણ, સમરો નિત નવકાર॥ જિનશાસન આગમ ચૌદ પુરવનો સાર ॥૧॥ એ મંત્રનો મહિમા, કહેતા ન લહું પાર ॥ સુરતરૂ જિમચિંતિત, વંછિતફળ

દાતાર ॥ ૨ ॥ સુરદાનવ માનવ, સેવા કરે કરજોડ, ભુવિમંડળ વિચરે, તારે ભવિયણ કોડ ॥ ૩ ॥ સુરછંદે વિલસે અતિસય જાસ અનંત ॥ પદ પહેલે નમિયે, અરિગંજન અરિહંત ॥ ૪ ॥ જે પનરે ભેદે, સિદ્ધ થયા ભગવંત ॥ પંચમિ ગતિ પહોત્યા, અષ્ટ કરમ કરી અંત ॥ ૫ ॥ કળ અકળ સરૂપી, પંચાનંતક દેહ ॥ જિનવર પાય પ્રણમું, બીજે પદ વળી એહ ॥ ૬ ॥ ગચ્છભાર ધુરંધર, સુંદર શશિહર શોભ ॥ કરે સારણ વારણ, ગુણ છત્રીશે થોભ ॥ ૭ ॥ શ્રુત જાણ શીરોમણિ, સાગર જિમ ગંભીર ॥ ત્રિજે પદ નમીયે આચારજ ગુણ ધીર ॥ ૮ ॥ શ્રુતધર ગુણ આગર, સુત્ર ભણાવે સાર ॥ તપ વિધિ સંયોગે, ભાંખે અર્થ વીચાર ॥ ૯ ॥ મુનીવર ગુણ જુત્તા, કહિયે તે ઉવઝાય ॥ પદ ચોથે નમીયે, અહનિશ તેહના પાય

॥૧૦॥ પંચાશ્રવ ટાળે, પાળે પંચાચાર ॥ તપસી ગુણધારી, વારે વિષય વિકાર ॥ ૧૧ ॥ ત્રસ થાવર પીયર, લોક માંહી જે સાધ ॥ ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિણે લાધ ॥ ૧૨ ॥ અરિ કરિ હરિ સાયણિ, ડાયણિ ભૂત વૈતાળ ॥ સવિ પાપ પણાસે, વાધે મંગળ માળ ॥ ૧૩ ॥ ઇણુ સમર્યા સંકટ દૂર ટળે તતકાળ ॥ ઇમ જંપે જિન પ્રભુ સુરિ શિષ્ય રસાળ ॥ ૧૪ ॥ ઇતિ ॥

અથ શ્રી વીરજિન છંદ.

શ્રી સીદ્ધારથ કુળ દીપકચંદ, ત્રીશલા દેવી રાણીનો નંદ ॥ કોમળ કંચન વરણ શરીર, મનવંછીત પૂરણ મહાવીર ॥ ૧ ॥ કૃપાનાથ કરી કરૂણા ઘણી, મુજ સામુ જુઓ શાસન ધણી ॥ ત્રીભુવનનાથ આપો અળતીર, મન૦

॥ ૨ ॥ અનંત બળી તપ દુક્કર કીયા, સવી કર્મકું દાવાનળ દીયા ॥ ખમ દમ સમ ધીમાનને ધીર, મન૦ ॥ ૩ ॥ ચુમ્માલીશે ચેલા કિયા, એકજ દિનમે મહાવ્રત દિયા ॥ ગૌતમ સરિખા હુઆ વજીર, મન૦ ॥ ૪ ॥ સમવસરણમાં સુણ્યો અધીકાર, અમૃત વાણીરૂપ દીદાર ॥ દીઠે હરખે હૈડુ હીર, મન૦ ॥ ૫ ॥ એક પળ ધરે જો પ્રભુજીનું ધ્યાન, પગ પગ પ્રગટે પુણ્ય નીધાન ॥ વચન મીઠાં જીમ મીસરીખીર, મન૦ ॥ ૬ ॥ ચેન પામે ચીંતા ચકચુર. દેખી દુશ્મન નાસે દૂર ॥ દીન દીન વાધે સંપતી શીર, મન૦ ॥ ૭ ॥ તુમ નામે ભવ સાયર તરે, તુમ નામે સવી કારજ સરે ॥ ઋધી વૃદ્ધી પામે હીર ચીર, મન૦ ॥ ૮ ॥ ચીંતામણી જીમ જીનવર જાપ, કોડ ભવોના કાપે પાપ ॥ રોગ શોગ નાસે પર પીડ, મન૦ ॥ ૯ ॥ વૈશાખ શુદિ

દશામ દિન જાણુ, પ્રભુજી પામ્યા કેવળ નાણુ ॥ સાયર જેસા હોત ગંભીર, મન૦ ॥૧૦॥ સંવત અઢાર તેત્રીશમેં તામ, મેડત નગર કિયા ગુણ ગ્રામ ॥ ષટકાયાના પ્રભુજી પીર, મન૦ ॥૧૧॥ પ્રભુ પાવાપુરીમાં મુગતી ગયા, ઋષિ રાયચંદ કહે કરજ્યો મયા ॥ પહોચા-ડો મુજભવજળ તીર, મન૦ ॥૧૨॥ ઇતિ ॥

પાર્શ્વનાથનો છંદ [ત્રોટક વૃત્તમ.]

પ્રણમામિ સદા પ્રભુ પાર્શ્વજીનં, જિનિ નાયક દાયક સુખધનં ॥ ઘનચારૂ મનોહર દેહધરં, ધરણીપતિ નિત્ય સુસેવ કરં ॥૧॥ કરૂણારસ રંજિત ભવ્યફણી, ફણી સસ સુ-શોભિત મૌલિમણિ ॥ મણિકંચન રૂપ ત્રિ-કોટ ઘટં, ઘટિતા સુર કિન્નર પાર્શ્વતટં ॥૨॥ તટિની પતી ઘોષ ગંભીર સ્વરં, શરણાગત વિશ્વ અશેષનરં ॥ નરનારી નમસ્કૃત નિત્ય મુદા, પદમાવતિ ગાવતી ગીત સદા ॥ ૩ ॥

સતતેદ્રિય ગોપયથા કમઠં, કમઠાસુર વારૂણ- મુક્તહઠં ॥ હઠહેલિતકર્મ કૃતાંત બળં, બ- ળંબળધામ દરંદળ પંકજળં ॥ ૪ ॥ જળ જદ્વય પત્ર પ્રભાનયનં, નયનં દિત ભવ્ય- તરી શમનં, મનમથ મહી રૂહ વન્હિસમં, સમતા ગુણ રત્નમયં પરમ ॥૫॥ પરમાર્થ વિચાર સદા કુશળં, કુશળં કુરૂ મેજિન નાથ અલં ॥ અલિની નલિનિ નળ નીલ તનં, તનુતા પ્રભુ પાર્શ્વજિનં શુધનં ॥૬॥

(કળશ દ્રુતવિલંબિત્તમ.)

સુધન ધાન્ય કરં કરૂણાપરં, પરમસિદ્ધિ કરં દદદા ધરં ॥ વરતરં અશ્વસેન કુળોદ ભવં, ભવભ્રાતા પ્રભુ પાર્શ્વજિનં શિવં ॥૭॥ ઇતિ.

શાંતિનાથનો છંદ.

સદા શાંતીજી આશ પુરો હમારી, કરૂં વીનં- તી અંગ ઉચ્છાહ ધારી, દયાવંતતું દુખદા- રિદ્ર હારી, કૃપાવંત તું કરત કલ્લાલકારી ॥

૧।। મહાવીપુલ મતિવંત એ જીનરાયા, ખ-
ટકાય રાખે સદા છત્રછાયા, મહામોહ મિથ્યા-
તના માન મોડી, જીન મુક્તિપો હત્યા કર્મકંઠ
તોડી ।।૨।। ભડભુત વૈતાળ ભય જાય દોડી,
જગ માંહે તુમ સમ નહીં કોઇ જોડી; સ-
દા સિદ્ધ દાતા નમું કુટીલ છોડી, તુમ નામે
કલ્યાણ કોડાન કોડી ।।૩।। તુમ નામે સૂર
અસુર ભય દુર નાસે, ધનધાન ઘોરી ઘર
અધિક વાસે; ગજ કેસરી અનળ દળ ભય
ન હોય, અતીસે કરી એહવી રીત જોય
।।૪।। ગુણ ગ્યાન કરતા કિમપાર લહીએ,
રસના કરી એક લવ લેસ કહીએ; મહા
વિમળ નાણ ચારિત્ર દંશી, ભણ્યા સંત ગો
વિંદ મુની અતિજ સંસીપ. ઇતિ સાંતી-
જીન સ્તવન ।।

મહાવીર છંદ.

ચોવીસમા મહાવીર શુરવીર મહાધીર, વા-

ણી મિઠી દૂધ વીર સિદ્ધાથ નંદહે, નાગિ-
ણીસિ નારી જાણી, ઘટમાં વૈરાગ આણી
યોગ લિયોજગ ભાણ ટાળ્યા મોહફંદહે,
ચૌદહહજાર સંત તાર દિયા ભગવંત, કર્મ-
ફો કિયો અંત પામ્યા સુખ કંદહે, કહે
કવિ ચંદ્રભાણુ સુણો હો વિવેકવાન, મહા
વીર કીયા ધ્યાન ઉપજે આણંદહે.

ચિંતામણિનો છંદ.

સુગુરૂ ચિંતામણી દેવ સદા ।। મુજ સકળ
મનોરથ પૂરમદા ।। કમળાગર દુર ન હોય
કદા ।। જપતા પ્રભુ પાર્શ્વ નામ યદા ।।૧।।
જળ અનળ મતંગજ ભય જાવે ।। અરિ
ચોર નિકટ પણ નહીં આવે ।। સિંહ સર્પ
રોગ ન સત્તાવે ।। ધન્ય ધન્ય પ્રભુ પાર્શ્વ જીન
ધ્યાવે ।। ૨ ।। મછ કછ મગર જળ માંહી
ભમૈ ।। વડવા નળ નીર અથાહ ગમૈ ।। પ્રહ
વણ બેઠા નર પાર પમૈ ।। નિત્યે પ્રભુ પ્રણ-

શ્વ જીનંદ નમે ॥ ૩ ॥ વિકરાળ દાવાનળ વિશ્વ દહે ॥ ગ્રહુ વસ્તી ધન આસ આકાશ ચ્રહે ॥ તુમ નામ લિયા ઉપશાંતિ લહે ॥ વન નીર સરોવર જેમ વહે ॥ ૪ ॥ ઝરતો મહલોલ કલ્લોલ કરે ॥ ભ્રમરા ગુંજાવર ભર રોસ ભરૈં ॥ કરિ દુષ્ટ ભયંકર દુરિ કરૈં, શ્રી પાર્શ્વનાથજીકે સમરૈં ॥ ૫ ॥ છાના છળ છિદ્ર વિનાય છલૈં ॥ યશ વાશ સુણી મન માંહી જલૈ ॥ તે પિશુન્ય પડે નિત્પર પાય તલૈં ॥ જપતાં પ્રભુ વૈરી જાય ઢીલૈં ॥૬॥ ધન દેખી નિશાચર કોઢ ધસૈં ॥ સુઝ મંદિર પૈશક દેન સુખે ॥ અતિ ઉચ્છવ તાસ આવારા અપૈં ॥ પરમેશ્વર જાસ પખૈં ॥૭॥ અસરાળ વિદારણુ હાથ હટૈં, ગલલોલ જીહાં ગજ કુંભ ઘટૈ ॥ મૃગરાજ મહા ભય ભ્રાંતિ ર મિટૈ ॥ રસના જીન નાયક જે હરટૈં ॥ ૮ ॥ ફૂરતો ચિહુ ફેર કુફાર ફણુ

॥ ધણુ ઇંદ્ર ધસૈં ધર રીસ ધણીં ॥ ભય ત્રાસ ન વ્યાપે તેહુ તણી ॥ ધરતાં સિત પાર્શ્વવનાથ ધણી ॥ ૯ ॥ કફ કુષ્ટ જલોદર રોગ ફૂસૈં ॥ ગુડ ગુંબડ દેહુ અનેક ગુસૈં ॥ વિન વેષજ વ્યાધિ સબ વિનસૈં, વામા સુત પાર્શ્વ જે સ્તવશૈં ॥ ૧૦ ॥ ધરણિંદ્ર ધરાધિપ સૂર ધ્યાયો ॥ પ્રભુ પાર્શ્વર કરપાયો ॥ છબી રૂપ અનોપમ ર જુગ છાયો ॥ જનની ધન્ય વામા સુત જાયો ॥ ૧૧ ॥ કરતાં જીન જાપ સંતાપ કટૈં, દુખ દારિદ્ર દોહ્રુગ સોહુઘટૈ ॥ હુઠ છોડી જીહાંરિપુ જોઇ હુઠૈં ॥ પદમાવતી પાર્શ્વ જીહાં પ્રગટૈં ॥ ૧૨ ॥ ૐ નમો પાર્શ્વનાથાય ॥ ધરણિંદ્ર પદમાવતી સહિતાય ॥ વિષહુર કુલ્યંગ મંગલાંય ॥ ૐ હ્રીં શ્રીં ચિંતામણી પાર્શ્વનાથ ॥ મમ મનોરથ પુરય સ્વાહા ॥ મંત્રક્ષર ગાથા શુદ્ધ મલ્યો ॥ ચિંતામણી જાણે હાથ

ચઢયો, વળી માન મહાતમ તેજ બઢયો ॥
શ્રી પાર્શ્વજીન સ્તવન જેણુ પઢયો ॥ ૧૩ ॥
તિર્થપતી પાર્શ્વનાથ તિલો ॥ ભણુતાં જસ
વાસ નિવાસ ફળો ॥ મણી મંત્ર સકોમળ
હોય મિલો ॥ અમચિ પ્રભુ પ્રાર્શ્વઆશ ફળો
॥ ૧૪ ॥ લુંકા ગચ્છ નાયક લાભ લીએ
॥ હિત ક્ષેમ કરણુ ગુરૂનામ હિયે ॥ દિન
ર ગછનાયક સુખ દીયે ॥ કિરતિ પ્રભુ પા-
ર્શ્વ મુખ કીયે.

પાર્શ્વનાથનો છંદ.

પ્રણુમુ પાસ જિણુંદ, દરસણુ દિઠે આણુંદ
નગરી વણારસિ ઠાય, તિહાં અસ્વસેન રાય
॥૧॥ વામા તસ પટરાણી, રૂપે રંભાસમા-
ણિ; તસઘર પાસ ઉપન, લાધ્યા ચઉદ સુ-
પન ॥૨॥ પોસવદિ દસમીસાર, જનમ્યા પાર્શ્વ
કુમાર, છપન કુમારિકા આવે, સ્તુતિ કરી
ગુણુગાવે ॥ ૩ ॥ સોમસુર્યતિ રંગે, લઇ

ઓયા મેરૂને સંગે, ઈંદ્રસરવે તિહાં મીલીયા,
જનમમોચ્છવ કરી વળીયા; ॥ ૪ ॥ મુકયા
માતાજીને પાસ, ચિરંજીવો ઇમ ભાષ્ય;
તતિ મોચ્છવ કિધો, પાર્શ્વત્ર કુમારનામ દિ-
ધો ॥ ૫ ॥ જોબન વય જબ જાણી, જોડે
પ્રભાવંતિ રાણી, પરણાવ્યા જીનરાય, સેવે
સુરનર પાય ॥ ૬ ॥ ભોગતણા ફળ લેહી,
દાન સમચ્છરી દેઈ; ત્રણસેં નરવર સાથે ॥
સંજમ લીધો જગનાથે ॥ ૭ ॥ તપ સં-
જમ કરમે વામી, જીનવર કેવળ પામી ॥
પોત્યા મુક્તિ મોઝાર॥ જપતા જયજયકાર
॥ ૮ ॥ એકસો વરસનું આય, નવકર સો-
ભંતિ કાય ॥ વીશમા જીનરાય, નામે નવ
નિધ થાય ॥ ૯॥ પાસ ઉપસર્ગ ચુરે, મન
વંછિત સુખ પુરે; સફળ ફળે તસ આસ,
નામ જપે જયકાર ॥ ૧૦ ॥ તવન સિદ્ધ.
સુખકારી ભણશે જે નરનારી; સોજ ભણે

કરજોડી, પામે કલ્યાણુની કોડી ॥ ૧૧ ॥
ઇતિ સંપુર્ણ.

ચોવીસ તિર્થંકરનું સ્તવન.

શ્રી રીખભ અજીત સંભવ સ્વામી, અભી-નંદનજી અંતરજામી, રાગ દ્વેષ દોક્ષય કરૂણા, વંદુ સોળે જીન સોવન વરણા ॥ ૧ ॥ સુમતીજીને સુપાસો પ્રભુ મુગત ગયા મેટયા ગર્ભા વાસો, દુર કીયા જન્મ મરણા, વંદુ૦ ॥ ૨ ॥ શીતળ શ્રેયાંસ જીનદોઇ, પ્રભુજી ચૌદે રાજ રહ્યા જોઇ, વિમળ સમત નિર્મળ કરૂણા, વંદુ૦ ॥ ૩ ॥ અનંત નાથજી અનંતજ્ઞાની, જાસુ મનરીતો વાત નહીં છાની, ધર્મજીકો ધ્યાન રૂદે ધરણા, વંદુ૦ ॥૪॥ શાંતીનાથજી શાતાકારી, કુંથુ નાથજીરી જાઉં હું બલહારી, અરનાથ આતમ ઉધરણા, વંદુ ॥૫॥ મહિમા ઘણી મલીનાથ તણી, મહાવીરજી હુવા સાસનના ધણી,

મેં ઝાલ્યાં જારાં ચરણા, વંદુ૦ ॥૬॥ પ્રભુરો
શરિર સંપદા સુંદર સોહે, નીરખતા નયન
તુરત મોહે, ચતુરાં રાતો ચીત હરણા,
વંદુ૦ ॥૭॥ પ્રભુજીની દીપ દીપ રહી દેહી,
જાને સુરનર નીરખ રહ્યા કેઇ, આંખ્યા તો
હુઇ જાવે અમી ઝરણા, વંદુ૦ ॥૮॥ પ્રભુ-
જીરો મસ્તક લે પગ નખતાંહી, જપરો
શરીર વખાણ્યો સૂત્રમાંહી, ચારૂહી સંઘ
લેવે શરણાં, વંદુ૦ ॥૯॥ તીન લોકરો રૂપ
પ્રભુજી પાયો, બીજો માવડીએ બેટો એસો
નહીં જાયો, ચોસઠ ઇંદ્રભેટે ચરણાં, વંદુ૦
॥૧૦॥ એક સમુચે અરજ સુણજો સોળે,
રૂષી રાયચંદજી આયો આપરે ઓળે, મા-
રી આવા ગમણુ દુઃખ દુર કરણાં વંદુ૦
॥૧૧॥ સંવત અઢારસેં ત્રીસે બરશે કીયો,
નાગોર ચોમાસો ભાવ સરસે, જારો ભજન
કીયા ભવસાગર તણાં, વંદુ સોળે જીન
સોવન વરણાં ॥ ૧૨ ॥

તીર્થંકરનું સ્તવન.

પ્રહુ ઉઠી પ્રભાતે વંદુ, પદમ પ્રભુજીના પા
યરે પ્રાણી; વાસુપુજ્યજી મારા મનમાં વ-
સીયા, મારે કમી ન રહી કાંયરે પ્રાણી.
ઉપજે આનંદ આઠે જીન જપતાં ॥ ૧ ॥
એ દોએ જીનવર અવળ બિરાજે, હિંગુલ
વરણાં લાલરે પ્રાણી; તિર્થ થાપીને કર્મને
કાપી, પ્રભુ પાપ કીયા પ્રેમાલરે પ્રાણી. ઉપ.
॥૨॥ શુભ ભાવનાએ મનમાંરે ભાવ્યે, તો
આઠ કર્મ જાયે તુટરે પ્રાણી; સુખ સંપદાને
લીલ વિલાસો, ભર્યા ભંડાર અખુટરે પ્રાણી.
॥ઉપ॥ ॥૩॥ ચંદ્ર પ્રભુજીને સુવિધી જીને-
શ્વર, એ દોયે વર્ણ સફેદરે પ્રાણી; મોતીયાં
સરખી જારી દેહ્રીજ દીપે, મુજ દેખતાં
અધિક ઉમેદરે પ્રાણી. ॥ઉપજો॥ ॥૪॥ મુની
સુવ્રતજીને નેમ જીણેશ્વર, એ દોયે શામળ
વર્ણ શરીરે પ્રાણી; ઇંદ્રથકી પણ અધિકા

દીપે, દીઠે હરખે હૈડાનો હીરરે પ્રાણી ॥ ઉપજો૫॥ મલ્લીનાથને પાર્શ્વ પ્રભુજી જાણે નીલાતે મોરની પાંખરે પ્રાણી; નીરખતા તો નયનનંદ્રાપે, અમીય ઠરે દોય આંખરે પ્રાણી ॥ઉપ॥૬॥ રૂપ અનોપમ અવલ બિરાજે, જાણે હીરા જડીયા હેમરે પ્રાણી, સુરજથી જેમ સવાયા દીપે, કેણીમાં આવે કેમરે પ્રાણી. ॥ઉપ॥૭॥ શીવનગરી માંહી સાહીબ બેઠા, હું નવી જાણું દુરરે પ્રાણી; મુજ મનડામાં વસીયા વાલેસર, હું સમરૂં ઉગમતે સૂરરે પ્રાણી ॥ઉ॥૮॥ એ આઠે અરિહંતને આગે, હુંતો અરજ કરૂં કરજોડરે પ્રાણી, રૂખી રાયચંદજી કહે મારા મનના, પૂરો સઘળા કોડરે પ્રાણી. ॥ઉ॥૯॥ સંવત અઢારને વર્ષ છત્રીશે, નાગોર શેહેર ચોમાસરે પ્રાણી, પ્રસાદ પુજય જેમલજી કેરે, મારે હેડે તે હરખ ઉલાસરે પ્રાણી. ઉપજે આનંદ આઠે જીન૦ ॥ ૧૦ ॥

ચોવીસ તિર્થંકરનું સ્તવન.

રૂષભ અજીત સંભવ અભીનંદન ॥ નીરંજન નિરાકાર, સુમતી પદ્મમ સુપાર્શ્વ ચંદ્રા પ્રભુ મેટયા વિષય વિકારો, શ્રીજીન મુજને પાર ઉતારો, પ્રભુ હું ચાકર ચરણારો શ્રી-જીન૦ સુવિધી સીતળ શ્રેયાંસ વાસુ પુજ્ય મુક્તિ તણા દાતારો, વીમળ અનંત ધર્મ નાથ, શાંતી જીન સાતાકારી સંસારો, શ્રી જીન૦ કુંથુ અરનાથ મલ્લી મુની સુવ્રત પામ્યા ભવજળ પારો, નમી નેમનાથ પાર્શ્વ મહાવીરજી સાસનના સીરદારો ॥શ્રીજીન૦॥ અગીઆર ગણુધર વિશે વીહુર માન સર્વ સાધુ અણુગારો, અનંતી ચોવીશીને નિત્ય વંદુ, કર ગયા ખેવો પારો ॥ શ્રીજીન૦ ॥ અધમ ઉધારણ બીરૂદ સુણી પ્રભુ, સરણ લીયો ચરણારો; અધમ ઉધારણ પરમપદા પદ, અજર અમર અવીકારો ॥શ્રીજીન૦॥

રાગ દ્વેષ કર્મ બીજ જે બળીયા, બાળી કીધા સરવે છારો, કેવળ જ્ઞાનને કેવળ દર-શન, નીજ ગુણ લીનો લારો ॥શ્રીજીન૦॥ દાન શીયળ તપ ભાવના ભાવો, દયા ધર્મ તત્વ સારો, રૂષી લાલચંદજી એણીપેર વિ-નવે પ્રભુ મારો કરોને નીસ્તારો ॥શ્રી જીન૦॥ મુજને પાર ઉતારો ॥ ઇતિ ચોવીસ તિર્થં-કરનું સ્તવન. ॥

અથ શ્રી દીવાળીનું સ્તવન.

પુરવ દીશે હુઇ પાવાપુરી ॥ ધન ધાન્ય રૂદ્ધી સ્મૃદ્ધિ શું ભરી ॥ હસ્તીપાળ નામે તીહાં ભુપાળી ॥ વીર મુગતે બીરાજયા દીન દીવાળી ॥૧॥ ગૌતમે ગુરૂની સેવા કીધી મનમાની ॥ એક રાતમે હુવા કેવળજ્ઞાની ॥ જી કે ચૌદ રાજ્ય રહ્યા ભાળી ॥વીર૦॥ અઢારે રાય હુવા ભગતા ॥ દોય દોય પો-સા કીધા લગતા ॥ જીકે વીર સામું રહ્યા

ભાળી ॥વીર૦॥ પ્રભુએ દોય દીનરો સંથારે કીધો ॥ સોળ પહોર લગે ઉપદેશ કીધો ॥ પ્રભુ મુગતી ગયા કર્મને ગાળી ॥વીર૦॥ પ્રભુએ ત્રીશે વર્ષે સંયમ લીધો ॥ નીજ આતમ કારજ સીદ્ધ કીધો ॥ વરસ બેંતાળીશ દીક્ષા પાળી ॥વીર૦॥ પ્રભુને સાતસેં ચેલા ચૌદસેં ચેલી, જયાને મુગતી મહેલમાં દીયા મેલી ॥ જેણે કર્મના બીજ દીયાં બાળી ॥વીર૦॥ પ્રભુને એક રાણીને હુઇ એક બેટી, ॥ જી કે મુગતી ગયા દુઃખ દીયાં મેટી જમાઇ હુઓ જયારો જમાળી ॥ વીર ॥ પ્રભુને એક બહેન ને એકજ ભાઇ ॥ જીકે સ્વર્ગે ગયા સમકીત પાઇ ॥ શ્રાવકનાં વૃત શુદ્ધપાળી ॥ વીર૦॥ રૂષભદત્તને દેવાનંદા માતા ॥ નયણે નીરખતાં હુઇશાતા ॥ દોનું મુગતી ગયા કર્મને ગાળી ॥વીર૦॥ સીદ્ધારથ રાજાને ત્રીશલા રાણી ॥ જેણે

સંથારો દીધો સમતા આણી ॥ અચ્યુત દેવલોકે ટાંકો દીયો ઝાળો ॥વીર૦॥ જેણી રાતે વીરે મુગતી પામી ॥ કેવળ પામ્યા ગૌતમ સ્વામી ॥ જ્યારો જાપજપો નવકાર વાળી ॥વીર૦॥ સુધર્મ સ્વામી હુવા પાટ ધણી ॥ જ્યારી કીર્તી મહીમા જોર ઘણી ॥ દયામારગ દીયો અજવાળી ॥ વીર૦ ॥ જ્યારી પાટે હુવા જંબુ વૈરાગી ॥ રાતે પરણ્યા પ્રભાતે આઠે ત્યાગી ॥ સોળ વર્ષામે કાટી કર્મ જાળી ॥ વીર૦ ॥ આઠે ભામની વૈરાગે ભીની ॥ પ્રભાતે પીયુ સાથે દીક્ષા લીની ॥ અવીહડ પ્રીત સઘળી પાળી ॥વીર૦॥ પ્રભવો પણ રાજાનો બેટો ॥ જીકે જંબુ કુમર શું હુવો રે ભેટો ॥ પાંચસેં શું વૈરાગ પામ્યો તતકાળી ॥વીર૦॥ વીશજીન સમેત શીખર સીધ્યા ॥ અષ્ટાપદ ગીરનાર દોય સીધ્યા ॥ વાસુપુજ્ય સીધ્યા ચંપા ચાલી ॥વીર૦॥ મ-

હાવીરે ચોમાસો કીયો પાવાપુરી ॥ કારતક વદી અમાવાશે મુગતી વરી ॥ ભણતાં સુણતાં મંગળ માળી॥વીર૦॥ દીન દીવાળીનો પાયો ટાણો॥તો રાત્રી ભોજન અસનાદિક નહીં ખાણો ॥ જયારો જાપ જપો શીયળ પાળી ॥વીર૦॥ ગુરૂચેલાની જોડી સુરજ શશી ॥ રૂષી રાયચંદ કહે મારે મનડે વશી ॥ મેં જુગતી શું જોડ જોડી ટંકશાળી ॥વીર૦॥ પુજ્ય જેમલજી રહ્યા પાસો ॥ શેહેર નાગોરમેં કીયો ચોમાસો ॥ સંવત અઢાર વર્ષ પીસ્તાળો ॥ વીર૦ ॥ ૨૦ ॥ ઇતિ.

શ્રી મહાવીર સ્તુતિ.

પુછિંસ્સુણં સમણા માહણાય, આગારિણો યા પરતિથિયા ;ય, સે કેઇ ણેગંત હિય ધમ્મ માહુ, અણેલિસં સાહુ સમિખયાએ. ૧ કહં ચનાણું કહં દંસણું સે, સીલં કહં નાયસુચસ્સ આસી, જાણા સિણં ભિ-

ખ્ખુ જહાતહેણું, અહાસુયં બૂહિ જહાણિ
સિંતં. ૨ ખેયન્ને સે કુસલે મહેસી, અ-
ણંતનાણી ય અણંત દંસી, જસંસ્સિણો
ચખ્ખુપહેઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચધિઇં
ચપેહા. ૩ ઉંઢ્ઢં અહેયં તિરિયં દિસાસુ, તસા
યજે થાવર જેહુ પાણા, સેનિચ્ચનિચ્ચેહિં સ-
મિખ પન્ને, દીવેવ ધમ્મં સમિયં ઉદાહુ.
૪ સે સવ્વદંસી અભિભૂયનાણી, નિરામ
ગંધે ધિમં ઠિયપ્પા, અણુત્તરે સવ્વ જગં
સિ વિજં, ગંથા અતીતે અભયે અણાઊ.
૫ સે ભૂઇ પન્નેઅણિએ અચારી, ઉહંતરે-
ધીર અણંત ચખ્ખુ, અણુતરે તપઇ સૂરિએ
વા, વઇરોયણિંદેવ તમંપભાસે. ૬ અણુત્તરં
ધમ્મમિણં જિણાણં, નેયા મુણિ કાસવ
આસુપન્ને, ઇંદેવ દેવાણં મહાણુ ભાવે, સ-
હ સ્સણેતાદિવિણં વિસિઠે. ૭ સે પન્નયા
અખય સાગરેવા, મહોદહિ વાવિ અણંત

પારે, અણુઈલેયા અકસાઇ ભિખૂવ સએ-
દેવાહિવઇ જુઇમં, ૮ સે વીરિએણું પડિ-
પુન્ન વિરિએ, સુદંસણેવા નગસવ્વ સેઠે, સુ-
રાલએવાસિ ·મુદાગરે સે, વિરાય એણેગ
ગુણોવવેએ. ૯ સયં સહુસ્સાણુઉ જોયણાણું,
તિકંડસે પંડગ વેજયંતે, સેજોયણે નવનવઈ
સહુસે, ઉદ્ધુસ્સિએ હેઠ સહુસ્સ મેગં. ૧૦
પુઠે નભે ચિઠાઇ ભૂમિ વઠિએ, જંસૂરિયા
અણુ પરિયટ્ટયંતિ, સે હેમવન્ને બહુ નંદણે
ય, જંસી રઇ વેદયંતિ મહિંદા, ૧૧ સે પ-
વ્વએ સદ્દ મહપ્પ ગાસે, વિરાયઇ કંચણ
મઠવન્ને, અણુત્તરે ગિરિસુય પવ્વદુગે,
ગિરિવરેસે જલિએવ ભોમે ૧૨ મહીએ મ-
ઝંમિ ઠિએણુ ગિંદે, પન્નાયતે સૂરિય સુદ્ધ
લેસે, એવં સિરિએઉ સ ભૂરિ વન્ને, મણો
રમે જોયઇ અચિ માલી. ૧૩ સુદંસણુંસ્સે
વજંસો ગિરિસ્સ, પવુચ્ચઈ મહઓ પવ્વય-

સ્સ, એતોવમે સમણે નાયપુત્તે, જાઇ જસો દંસણ નાણ સીલે. ૧૪ ગિરિવરેવા નિસહાય યાણં, રૂયએવ સેઠે વલયાયતાણં, તઉવમે સે જગ ભૂઇ પન્ને, મુણીણ મજ્ઞે ત મુદાહુ પન્ને. ૧૫ અણુત્તરં ધમ્મ મુઇરઇત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઇ, સુસુક્કસુક્કં અપગંડ સુક્કં, સખિંદુ વેગં તવદાત સુક્કં. ૧૬ અણુત્તરંગગં પરમં મહેસી, અસેસકમ્મં સુવિ સોહઇત્તા, સિદ્ધિં ગઇ સાઈ મણંત પત્તે, નાણેણ સીલેણય દંસણેણં ૧૭ રૂખે સુણાએ જહ સામ લીવા, જંસિરઇં વેદયંતિ સુવન્ના વણે સુવા નંદણ માહુ શેઠં, નાણેણ સીલેણ યભૂઇ પન્ને. ૧૮ થણિયે વેસદ્દાણ અણુત્તરે આ, ચંદોવતારાણ મહાણુભાવે. ગંધેસુવા ચંદણ માહુ શેઠં, એવં મુણીણં અપડિન માહુ. ૧૯ જહા સયંભૂ ઉદહીણ સેઠે, નાગે સુવાધર ણુંદ માહુ સેઠં

ઋખઓ ઓઽ એવા રસવેજયંતે, તવોવહાણુ સુણિ વેજયં તે ૨૦ હથિસુએરાવણુ માહુ- ણાએ, સીહો મિયાણું સલિલાણુ ગંગા પ- ખિ સુવા ગુરૂ લેવેણું દેવે, નિવ્વાણુ વાદી નિહનાય પુત્તે, ૨૧ જોહે સુણાયે જહ વીસ સેણુ પુફ્ફેસુવા જહ અરવિંદ માહુ. ખત્તી- ણ સેઠે જહ દંત વક્કે, ઇસીણુ સેઠે તહ વદ્ધમાણે. ૨૨ દાણાણું સેઠં અભય પ્પયાણું, સચ્ચેસવા અણવજં વયંતિ. તવેસુવા ઉત્તમ બંભ ચેરં, લો ગુત્તમે સમણે નાયપુત્ત ૨૩ ઠિતિણ સેઠા લવ સત્તમાવા, સભા સુહમ્માવ સભાણુ સેઠા, નિવ્વાણુ સેઠા, જહ સવ્વ ધ- મ્મા, નનાયપુત્તા પરમથિ નાણી. ૨૪ પુઢા વમે ધુણઈ વિગય ગેહિ, નસસંનિહં કુવ્વઇ- આ સુપન્ને, તરિતું સમુદ્દંચ મહાભવાઘં અભયંકરે વીરે અણંત ચખ્ખુ. ૨૫ કોહંચ માણંચ તહેવ માયં, લોભં ચઉથં અઝથ દોસા,

એ આભિવંતા અરહા મહેસી, નકુવઇપાવ ન-
કારવેઇ ૨૬ કિરિયા કિરયં વણીઇ યાણુ
વાયં, અન્ના નિયાણું પડિયચ્ચઠાણું, સે સ
વ્વવાયં ઇતિવેદ ઇતા ઉવઠીએ ધમ્મ સદ્દી-
હરાયં. ૨૭ સેવારિયા ઇથિ સરાઈ ભત્તં, ઉ-
વહાણવં દુખ ખયઠીઆયે, લોગં વિદિત્તા
આરં પારંચ, સવ્વં પભૂ વારિય સવ્વ વારં
૨૮ સોચ્ચાય ધમ્મં અરિહંત ભાસિયં,
સમાહિયં અથપઉ વિસુદ્ધં, તં સદ્દહંતાય
જણા અણાઉ, ઇંદેવ દેવાહિવઈ આગમિસ્સં-
તિ તિબેમિ. ૨૯

ઇતિ વીરથુઈ છઠ ઝયણું સમત્તં.

પંચ મહવ્વય સુવ્વય મુલં; સમણામણા ઇ·
લસાહુ સુચિન્નં ॥ વેર વેરામણ પજવસાણું
સવ્વસ સુદમહોદધિ તિથં ॥ ૧ ॥ ત્તિથ્થં
કરે હિંસુદે સિયમગ્ગં ॥ નરગતિરિ ખવિવ
જીયમગ્ગં ॥ સવ્વ પવિત્તં સુનિમ્મિયં

સારં ।। સિદ્ધિ વિમાણું અવં ગુયદારં ।।૨।।
દેવનરિંદન મંસિયપૂયં ।। સવ્વજગુત્તમમંગલ
મગ્ગં ।। દુધરિ સંગુણુ નાયકમેગ્ગં ।। મોખ
પહુસ્સ વડિંસગ ભૂયં ।। ૩ ।। એસધમ્મે
ધુવે નિતિએ ।। સાસએ જીણુદેસિએ ।। સિ-
ઝા સિઝંતિ ચાણેણું ।। સિઝિ સ્સંતિતહાવરે
।। ૪ ।। અરિહંત સિદ્ધ પવયણું ।। ગુરૂથેરે
બહુ સ્સુય તવ સ્સીસુ ।। વછલયાયતેસિ ।।
અભિખાણુનાણો વઉગેય ।। ૫ ।। દંસણુ વિ-
ણુએ આવસ્સ એય ।। સીલવેય નિરઇયાએ ।।
ખણુળવ તવચીયાએ ।। વેયાવચેય સમાહિએ
।। ૬ ।। અપુવ નાણુગ્ગહણે ।। સુયભત્તિ પવ-
યણુ પભાવણુયાયે ।। એએહિંકારણેહિં તિ-
થયરતંલહઇ જીવો ।। ૭ ।। ધમ્મો મંગલ
મુક્કઠં ।। અહિંસા સંજમોતવો ।। દેવાવિતંન-
મંસંતિ જસ્સ ધમ્મે સયામણો ।।૧।। જ-
હાદુ મસ્સપુફ્ફેસુ ।। ભમરો આવિય ઇરસં ।।

મયપુફં કિલામેઇ ॥ સોયપિણેઇ અપ્પયં ॥૨॥
એમેએ સમણામુત્તા ॥ જેલોએ સંતિસાહુણો
વિહંગ માવ પુફ્ફેસુ ॥ દાણભત્તેસણેરયા ॥૩॥
વયંચવીત્તં લભામો ॥ નય કોઇ ઉવહુમ્મઇ
આહાગડે સુરી યંતે ॥ પુફ્ફેસુભમરાજહા
॥ ૪ ॥ મહુકાર સમા બુદ્ધા ॥ જેભવંતિ અ-
ણિસ્સિઆ ॥ નાણા પિંડરયાદંતા ॥તેણવુચ્ચં-
તિ સાહુણો ॥ ત્તિબેમિ ॥ ૫ ॥ ઇતિ દુમ
પુફ્રિયા નામ ઝયણં પઢમં સમત્તં ॥

भक्तामर स्तोत्र.

વસંતતિલકા છંદ.

ભકતામરો લચીત તાજ મણિ પ્રભાના,
ઉદ્યોતકાર, હર પાપતમો જથાના;
આધાર રૂપ ભવસાગરના જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદયુગે નમીને. ૧

કીધી સ્તુતિ સકલ શાસ્ત્રજ તત્વબોધે,
પામેલ બુદ્ધિ પટુથી શુરલોકનાથે;
ત્રૈલોક ચિત્તહર ચારૂ ઉદાર સ્તોત્રે.
હું એ ખરે સ્તવીશ આદિ જીનેંદ્રને તે. ૨
બુદ્ધિ વિનીય સુરપૂજીત પાદપીઠ !
મેં મેપ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધ!
લેવા સિશુ વિણુ જળે સ્થિત ચંદ્રબિંબ,
ઇચ્છા કરેજ સહસા જન કોણુ અન્ય ? ૩
કે, વા ગુણો ગુણુનિધિ ! તુજ ચંદ્રકાન્તા,
છે બુદ્ધિથી સુર ગુરૂસમ કો સમર્થ ?
જ્યાં ઉછળે મગરમચ્છ મહાન વાતે,
રે કોણુ તે તરિ શકેજ સમુદ્ર હાથે ? ૪
તેવો તથાપિ તુજ ભક્તિવડે મુનીશ !
શક્તિ રહીત પણુ હું સ્તુતિને કરીશ;
પ્રીતે વિચાર બળનો તજી સિંહસામે-
ના થાય શું મૃગી શિશુ નીજ રક્ષવાને? ૫
શાસ્ત્ર, અજ્ઞ ગણીને હસતાં છતાં એ,

ભક્તિ તમારીજ મને બળથી વહાવે !
જે કોકિલા મધુર ચૈત્રવિષે ઉચારે,
તે માત્ર આમ્રતમોર તણા પ્રભાવે. ૬
બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ,
ત્હારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;
આ લોક વ્યાપ્ત નિશિનું ભમરા સમાન-
અંધારૂ, સૂર્ય કિરણોથી હરાય જેમ. ૭
માનીજ તેમ સ્તુતિ નાથ ! તમારી આ મેં,
આરંભી અલ્પમતિથી પ્રભુના પ્રભાવે,-
તે ચિત્ત સજ્જન હરે જયમ બિંદુ પામે-
મોતીતણી કમળપત્રવિષે પ્રભાને ! ૮
દૂર રહો, રહિત દોષ સ્તુતિ તમારી !
ત્હારી કથા પણ અહો ! જન પાપ હારી !
દૂર રહે રવિ કદી તદપિ પ્રભાએ-
ખીલે સરોવર વિષે કમળો ઘણાંએ ! ૯
આશ્ચર્યના ભુવનભૂષણ ! ભૂતનાથ !
રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર અત્ર-

તે તુલ્ય થાય તુજની, ધનીકો શું પોતે-
પૈસે સમાન કરતા નથી આશ્રિતોને ? ૧૦
જો દર્શનીય પ્રભુ એક ટશેથી દેખે !
સંતોષથી નહિ બીજે જન નેત્ર પેખે !
પી ચંદ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરૂં,
પીશે પછી જળનિધિ-જળ કોણ ખારૂં ? ૧૧
જે શાંતરાગ રૂચિના પરમાણુ માત્ર,
તે તેટલાજ ભુવિ આપ થએલ ગાત્ર !
એ હેતુથી ત્રિભુવને સણુગાર રૂપ !
ત્હારા સમાન નહિ અન્યતણું સ્વરૂપ ! ૧૨
ત્રૈલોક સર્વ ઉપજમાંજ જીતનારૂ-
ને નેત્ર, દેવ નર ઉરગ હારી તા'રૂ-
ક્યાં મુખ ? ક્યાં વળી કલંક્તિ ચંદ્રબિંબ ?
જે દિવસે પીળચટું પડી જાય ખુબ ! ૧૩
સંપૂર્ણ ચંદ્રતણી કાન્તિ સમાન ત્હારા- ?
રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા !
ત્રૈલોકનાથ ! તુજ આશ્રિત તેને, એક

સ્વેચ્છાથકી વિચરતાં કદી કોણ રોકે? ૧૪
આશ્ચર્ય શું પ્રભુતણા મનમાં વિકાર-
દેવાંગના ન કદી લાવી સકી લગાર !
સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે !
મેરૂ ગિરિ શિખર શું કદી તોય ડોલે ? ૧૫
ધુમ્મે રહીત, નહિ વાટ, ન તેલવાળો !
ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો ?
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે !
તું નાથ ! છું અપર દીપ જગત્પ્રકાસે ? ૧૬
ઘેરી શકે કદી ન રાહુ ન અસ્ત થાય !
સાથે પ્રકાશ ત્રણે લોક વિષે કરાય !
તું હે મુનીંદ્ર ! નહિ મેઘવડે છવાય !
લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય ! ૧૭
મોહાંધકાર દળતાર સદા પ્રકાશી !
રાહુ મુખે ગ્રસિત ના નહિ મેઘ-રાશી !
શોભે તમારૂ મુખ પદ્મ અપાર રૂપે !
જેવો અપૂર્વ શશિ લોકવિષે પ્રકાશે ! ૧૮

શુ રાત્રિમાં શશિ થકી દિવષે રવિથી !
અંધારૂ તુજ મુખચંદ્ર હરે પછીથી !
શાલિ સુશોભિત રહી નિપજી ધરામાં !
શી મેઘની ગરજ હોયજ આભલામાં ? ૧૯
શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે,
તેવું નહીં હરિહરાદિકના વિષે તે;
રત્નોવિષે સ્ફુરિત તેજ મહત્વ ભાસે,
તેવું ન કાચ કડકે ઉજળે જણાશે. ૨૦
માનું રૂડું હરિહરાદિકને દીઠા તે !
દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે;
જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ,
જન્માન્તરે ન હરશે મન કોઇ નાથ ! ૨૧
સ્ત્રી સેંકડો પ્રસવતી કદી પુત્ર ઝાઝા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા !
તારા અનેક ધરતીજ દિશા બધીય,
તેજે સ્ફુરીત રવિને પ્રસવેજ પૂર્વ. ૨૨
માને પરંપુરૂષ સર્વમુનિ તમોને,

ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે!
પામી તને સુરીત મૃત્યુ-જીતે મુનીંદ્ર!
છે ના, બીજો કુશળ મોક્ષ તણોજ પંથ. ૨૩
તું, આદ્ય, અવ્યય, અચિંત્ય અસંખ્ય વિભુ
છે, બ્રહ્મ, ઇશ્વર, અનંત, અનંગકેતુ,-
યોગીશ્વરં, વિદિતયોગ, અનેક એક,-
કે'છે તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત. ૨૪
છો બુદ્ધિ-બોધથકી હેસુર પુજ્ય બુદ્ધ!
છો લોકને સુખદ-શંકર તેથી શુદ્ધ!
છો મોક્ષ-માર્ગ-વિધિ-ધારણથીજ ધાતા!
છો સ્પષ્ટ આપ પુરૂષોત્તમ સ્વામિ ત્રાતા!૨૫
ત્રૈલોક-દુઃખ-હર નાથ! તને નમોસ્તુ!
તું ભૂતળે અમલ ભૂષમને નમોસ્તુ!
ત્રૈલોકનાજ પરમેશ્વરને નમોસ્તુ!
હે જીન! શોષક ભવાબ્ધિ તને નમોસ્તુ! ૨૬
આશ્ચર્ય શું ગુણજ સર્વ કદી મુનીશ!
ત્હારોજ આશ્રય કરી વસતા હમેશ!

દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલા,
ગર્વાદિકે ન તમને સ્વપને દીઠેલા ! ૨૭
ઉંચા અશોકતરૂ આશ્રિત કીર્ણઉંચ
અત્યંત નિર્મળ દીશે પ્રભુ આપ-રૂપ;
તે જેમ મેઘ-સમીપે રહી સૂર્ય-બિંબ-
શોભે પ્રસારી કિરણો હણીને તિમિર ૨૮
સિંહાસને મણિતણા કિરણે વિચિત્ર,
શોભે સુવર્ણ-સમ આપ શરીર ગૌર;
તે સૂર્ય-બિંબ ઉદયાચળ શિર ટોચે.
આકાશમાં કિરણ જેમ પ્રસારી. શોભે. ૨૯
ધોળા ઢળે ચમર કુંદ-સમાન એવું,
શોભે સુવર્ણ-સમ રમ્ય શરીર ત્હારૂં;
તે ઉગતા શશિસમાં જળ- ઝર્ણ-ધારે;
મેરૂતણા કનકના શિર પેંઠ શોભે ! ૩૦
ઢાંકે પ્રકાશ રવિનો શશિતુલ્ય રમ્ય !
મોતી-સમૂહ-રચનાથી દીપાયમાન !
એવાં પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે,

ત્રૈલોકનું અધિપતિપણું તે જણાવે ! ૩૧
ગંભીર ઉંચ સ્વરથી પુરી છે દિશાયો,
ત્રૈલોકને સરસ-સપંદ આપનારો,
સદ્ધર્મરાજ જયને કથનાર ખુલ્લો !
વાગેછ દુંદુભિ નભે યશવાદી ત્હારો. ૩૨
મંદાર, સુંદર નમેરૂ, જ પારિ જાતે,
સંતાનકાદિ ફુલની બહુ વૃષ્ટિ ભારે;
પાણીકણે સુરભિ મંદ સમીર પ્રેરે,
શું દિવ્ય વાણી તુજ સ્વર્ગથકી પડતે.! ૩૩
શોભે વિભો ! પ્રસરતી તુજ કાંતિ ભારે,
ત્રૈલોકના દ્યુતિ-સમુહની કાંતિ હારે !
તે ઉગતા રવિસમી બહુ છે, છતાંએ,
રાત્રિ જીતે શીતલ ચંદ્ર સમાન તેજે ! ૩૪
જે સ્વર્ગ મોક્ષ શુભ માર્ગ જ શોધી આપે,
સદ્ધર્મ-તત્વકથવે પટુ ત્રૈણ લોકે;
દિવ્યધ્વનિ તુજ થતો વિશદાર્થ સર્વ,-
ભાષા-સ્વભાવ-પરિણામ ગુણેથી યુક્ત. ૩૫

ખીલેલ, હેમ-કમળો સમ કાંતિ વાળા,
ફેલૈરહેલ નખ-તેજ થકી રૂપાળા;
એવા જીનેંદ્ર તુમ પાદ, ડગો ભરે છે।
ત્યાં કલ્પના કમળની વિબુધો કરે છે। ૩૬
એવી જિનેંદ્ર થઇ જે વિભૂતિ તમોને,
ધર્મોપદેશ સમયે, નહિ તે બીજાને।
જેવી પ્રભા તિમિર હારી રવિતણી છે,
તેવી પ્રકાશિત ગ્રહોની કદી બની છે? ૩૭
વ્હેતા મદે મલિન ચંચળ શિર તેવો,
ગુંજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો;
ઐરાવતે તુલિત ઊદ્ધત હાથી સામે-
આવેલ જોઇ તુમ આશ્રિત ભો ન પામે। ૩૮
ભેદી ગજેંદ્ર-શિર શ્વેત, રૂધિરવાળા,-
મોતી સમૂહથકી ભૂમ દિપાવી એવા,-
દોડેલ સિંહતણી દોટ વિષે પડે જે,
ના તુજ પાદ ગિરિ આશ્રયથી મરે તે। ૩૯
જે જોરમાં પ્રલયના પવને થએલો,

ઓઢા ઉડે બહુજ અગ્નિ હવે ધીકેલો;
સંહારશે જગત સન્મુખ તમ આવે,
તે તુજ કીર્તન રૂપી જળ શાંત પાડે. ૪૦
જે રક્ત નેત્ર, પિક-કંઠ સમાન કાળો,
ઉંચી ફણે સરપ સન્મુખ આવનારો;
તેને નિશંક જન તેહ ઉલંઘી ચાલે.
ત્વં નામ નાગદમની દીલ જેહ ધારે। ૪૧
નાચે તુરંગ ગજ શબ્દ કરે મહાન।
એવું રણે નૃપતિનું બળવાન સૈન્ય;
ભેદાય છે તિમિર જેમ રવિ-કરેથી,
છેદાય શિઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી. ૪૨
બર્છી થકી હણિત હસ્તિ રૂધિર વ્હે છે;
યોદ્ધા પ્રવાહ થકી આતુર જ્યાં તરે છે;
એવા યુધે અજીત શત્રુ જીતે, જનો તે,-
ત્વત્પાદ પંકજ રૂપી વન શર્ણુ લે જે. ૪૩
જ્યાં ઉછળે મગર મચ્છ તરંગ ઝંઝા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;
એવાજ સાગર વિષે સ્થિત નાવ જે છે,

તે નિર્ભયે તુજતણા સ્મરણે તરે છે. ૪૪
જે છે નમ્યા ભયદ રોગ જળોદરેથી;
પામ્યા દશા દુઃખદ આશ ન દેહ તેથી;
त्वत्पाद-પદ્મ-રજ અમૃત નીજ દેહે-
ચોળે, બને મનુજ કામ સમાન રૂપે! ૪૫
બેડી જડી પગથી છેક ગળા સુધીની,
તેની ઝીણી અણીથી જાંગ ઘસાય જેની;
એવા અહોનિશ જપે તુજ નામ મંત્ર,
તો તે જનો તુરત થાય રહીત બંધ! ૪૬
જે મત્ત હસ્તિ, અહિ, સિંહ,;દવાનલાગ્નિ,
સંગ્રામ સાગર, જળોદર, બંધનોથી-
પેદા થએલ ભય, તે ઝટ નાશ પામે!
ત્હારૂં કરે સ્તવન આ, મતમાન પાઠે! ૪૭
આ સ્તોત્ર માળ તુજના ગુણથી ગુંથી મેં,
ભક્તિ થકી વિવિધ વર્ણ રૂપીજ પુષ્પે;
તેને જિનેંદ્ર! જન જે નિત કંઠ નામે,
તે માન તુંગ અવશ સુભ લક્ષ્મી પામે. ૪૮

॥ श्री कल्याणमंदिर स्तोत्र. ॥

હરિગીત છંદ.

કલ્યાણનું મંદિર અને ઉદાર ઇચ્છીત આપવે,
દાતા અભય ભયભીતને, સમર્થ દુરિત કાપવે;
સંસાર દરિયે ડુબતાને નાવ રૂપે જે વળી,
નિર્દોષ પ્રભુના પદકમળને પ્રથમ હું પ્રેમે નમી. ૧
સાગર સમા જેના મહિમાની સ્તુતિ કરવા વિષે,
વિશાળ બુદ્ધિ સુરગુરૂ તે, છેક શક્તિ હીણુ દીશે;
વળી કમઠ કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,
તીર્થેશની સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે. ૨
સામાન્ય રીતે પણ તમારા, રૂપને વિસ્તારવા,
જીનરાજ ! શક્તિમાન દુર્લભ મૂઢ મુજસમ છે થવા;
દિન અંધ ધીરજવાન બચ્ચું ઘુડનું જે તેહથી,
નહિ સૂર્ય કેરા રૂપને વર્ણી શકાશે સ્નેહથી. ૩
અનુભવ કરે તુજ ગુણતણો જન મોહના ટળવા થકી,
નહિ પાર પામે નાથ ! તે પણ આપ ગુણગણતાં કદી;
જયમ પ્રલયકાળવડે ખસેલા જળ થકી સમુદ્રના,
ખુલ્લા થયેલા રત્ન ઢગલા કોથી માપી શકાય ના. ૪

દેદીપ્યમાન અસંખ્ય ગુણની ખાણનાથ તમારી હું,
આરંભતો કરવા સ્તુતિ પણ મંદબુદ્ધિ માનછું !!
શું બાળ પણ કે'તું નથી લંબાવી બેઉ હાથને;
નિજ બુદ્ધિના અનુસારથીજ સમુદ્રના વિસ્તારને. ૫
હે ઇશ! યોગી પણ તમારા ગુણ જે ન કહી શકે!
સામર્થ્ય મારૂં ક્યાંથી વર્ણન મુજથી તેનું થઇ શકે;
વિચાર વિણનું કાર્ય આ ગણાય મા'રૂં તેહથી,
પણ પક્ષી શું પોતાતણી ભાષા કહો વદતાં નથી? ૬
અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની હો જીનરે,
તુજ નામ પણ સંસારથી ત્રૈલોકનું રક્ષણ કરે;
જ્યમગ્રીષ્મ કેરા સખત તાપવડે મુસાફર જે દુઃખી,
તે થાય કમળ તલાવ કેરા શીતળ વાયુથી સુખી. ૭
હે સ્વામિ આપ હૃદય વિષે આવો તદાપ્રાણી તણાં.
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન જાય તૂટી જગ તણાં;
વનના મયુરો મધ્યમાં જેવી રીતે આવ્યા થકી,
ચંદનતણા તરૂથીજ સર્પો સદ્ય છુટે છે નકી. ૮
દર્શન અહોજીનેંદ્ર! માત્ર મનુષ્યને જો થાય છે;
તો સેંકડો દુઃખ ભય ભરેલાં રહેજમાં ટળી જાયછે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણા દીઠા થકી.

પશુઓ મૂકાયે સદ્ય જેવાં નાસતા ચોરો થકી. ૯
તારક તમે જીનરાજ ! કેવી રીતથી સંસારીના !
તમને હૃદયમાં ધારી ઉલટા તારતા સંસારીઓ !!
આશ્ચર્ય છે પણ ચર્મકેરી મસકથી સાચું ઠરે,
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે !! ૧૦
હરિ, હર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણમાત્રમાં તે રતિપતિને રહેજમાં આપે હણ્યો;
જે પાણી અગ્નિ અન્યમે બુઝાવતું પળવારમાં,
તે પાણીને વડવાનળે પીધું ન શું ક્ષણવારમાં ? ૧૧
હે સ્વામિ ! અતિશય ભારવાળા આપને પામ્યાપછી,
કેવી રીતે પ્રાણી અહો ! નીજ હૃદયમાં ધાર્યા થકી;
અતિલઘુ પણે ભવરૂપ દરિયો રહેજમાં તરી જાય છે ?
અથવા મહાન જનોતણો મહિમા અચિંત્ય ગણાયછે ૧૨
હેપ્રભુ ! જ્યારે પ્રથમથી આપે હણ્યો તો ક્રોધને,
આશ્ચર્ય ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને ?
અથવા નહીં આ અવનીમા શું, દેખવામાં આવતું ?
શીતળ પડે જે હીમ તે લીલાં વનોને બાળતું !!૧૩
હે જીન ! યોગી આપને પરમાત્મ રૂપેથી સદા,
નિજ હૃદય કમળે જ્ઞાનરૂપી ચક્ષુથી અવલોકતા;

પુનિત નિર્મળ કાંતિવાળા કમળનું થી સંભવે,
શું કમળકેરી કર્ણિકાના મધ્યવિણ બીજે સ્થળે ! ૧૪
ક્ષણ માત્રમાં જીનરાજ ! ભવિજન આપ કેરા ધ્યાનથી
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી;
જયમ તિવ્ર અગ્નિ તાપથી મિશ્રીતધાતુ હોય તે,
પથ્થરપણાને ત્યાગીને તત્કાળ સોનું થાય છે !! ૧૫
હે જીન ! હમેશાં ભવ્યજન જે દેહના અંતર વિષે,
ધરતા તમારૂં ધ્યાન તેનો નાશ કરતા કેમ તે ?
અથવા સ્વભાવ મહાજન મધ્યસ્થનો એવો સદા,
વિગ્રહ તણો કરી નાશને શાંતિ પ્રસારે ઉભયથા. ૧૬
નહિ ભેદ હે પ્રભુ ! આપને આત્મા વિષે એ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે, આપસમ થાયે નકી,
જે જળ વિષે શ્રદ્ધા થકી અમ્રતતણું ચિંતન કરે,
તે જળ ખરેખર વિષના વિકારને શું ના હરે ? ૧૭
તમનેજ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે,
વિભુ ! હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે;
કમળા તણા રોગેથી જેનાં નેત્ર પ્રભુ ! પીળાં રહે.
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણી નહી કહે ? ૧૮
ધર્મોપદેશ તણા સમયમાં આપના સહવાસથી,

તરૂ પણ અશોકજ થાય, તો શું મનુજનું કેવું પછી;
જ્યમ સૂર્યના ઉગ્યા થકી, નામાત્ર માનવી જાગતાં,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સ્હેજમાં પ્રફુલિત થતાં, ૧૯
ચારે દિશાયે દેવ જે પુષ્પોતણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય નીચાં મુખવાળાં ડીંટથી તે કયમ પડે ?
હે મુનીશ ! અથવા આપનું સાન્નિધ્યપજવ પમાય છે,
પંડિત અને પુષ્પોતણાં બંધ ન અધોમુખ થાયછે ।૨૦
જે આપના ગંભીર હૃદયના સમુદ્રમાંથી ઉપજે,
તે વાણિમાં અમૃતપણું લોકો કહે તે સત્ય છે.
કાંકે કરીને પાન પરમાનંદને ભજતા થકા,
ભવિજન અહોએથી કરીને સીઘ્ર અજરામર થતા. ૨૧
દેવો વીંઝે જે પવિત્ર ચામર સ્વામિ ! આપ સમીપ તે,
હું ધારૂં છું નીચા નમી ઉંચા જતાં એમજ કહે;
"મુનિ શ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધ ભાવી ઉર્ધ્વ ગતિને પામશે નિશ્ચયથકી." ૨૨
સુવર્ણ રત્નોથી બનેલા ઉજળા સિંહાસને,
ગંભીર વાણીવાનરૂપે શ્યામ સ્વામિ આપને;
ઉત્સુક થઇને ભવ્યજન રૂપી મયુરો નિરખે,
મેરૂશિરે અતિગાજતા નવ મેઘસમ પ્રીતી વડે ।। ૨૩

ઉંચે જતી તુમ શ્યામ ભામંડળ તણીકાંતિ વડે,
લોપાય રંગ અશોક કેરા પાનનો સ્વામિ ખરે;
પ્રાણી સચેતન તો પછી વીતરાગ! આપસમાગમે,
રેકોણુ આ સંસારમાં પામે નહીં વૈરાગ્યને? ૨૪
"રેરે પ્રમાદ તજો, અને આવી ભજો આ નાથને,
જે મોક્ષપુરિ પ્રત્યેજતા વ્વાપારી પારશ નાથને!"
સુરદુંદુભિનો શબ્દ જે આકાશમાં વ્યાપી રહે,
હું માનું છું હે દેવ! તે ત્રૈલોકને એમજ કહે. ૨૫
હે નાથ! આ ત્રૈલોકમાં પ્રકાશ જવ આપે કર્યો,
તારા સહિત આ ચંદ્રમા, તવ હીણુ અધિકારી ઠર્યો;
મોતી સમૂહે શોભતાં ત્રણ છત્રના મીશે કરી,
(તે) આવ્યો પ્રભુની પાસ નકી રૂપ ત્રણ જાણે ધરી ૨૬
કીર્તી, પ્રતાપજ, કાંતિ કેરા સમૂહથી ત્રૈલોક આ,
ગોળારૂપે ભગવાન! જ્યમ આપે પૂરેલાં હોયના!
રૂપુ, સુવર્ણ; અને વળી મણિક્યથી નિર્મિત ખરે,
ચોપાસથી શોભી રહ્યા ત્યમ આપ ત્રણ કિલ્લા વડે.૨૭
પડતી પ્રભુ! તુમ પાદમાં દેવેન્દ્ર નમતા તેમની,
રત્ને રચીત મુગટો તજીને દિવ્યમાળા પુષ્પની;
હું માનુંછું મનમાં ખરે એ યોગ્ય થાયે સર્વથી,

વિભુ આપનો સંગમ થતાં સુમનો બીજે રમતા નથી.૨૮
હે નાથ! આ સંસાર સાગરથી તમે વિમુખ છતે,
નિજ આશ્રિતોને તારતા, વિશ્વેશ તેતો યોગ્ય છે;
લોકો તરે માટી તણા ઘટ કર્મપાક સહિતથી,
આશ્ચર્ય વિભુ! પણ આપતો છો રહિતકર્મ વિપાકથી.૨૯
વિશ્વેશ, જનપાલક! છતાં પણ આપ દુર્ગત દીશતા,
હે ઇશ! અક્ષર છો, તથાપી રહિત લિપી સર્વથા!
વળી દેવ છે અજ્ઞાનિને પણ તારનાર સદૈવ જે!
વિચિત્ર તે ત્રિલોક બોધક જ્ઞાન આપવિષે સ્ફુરે!! ૩૦
આકાશ આચ્છાદિત કરે એવી અતિશય ધુળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામિ આપને;
છાયા પરંતુ નાથ! તેથી આપની ઢંકાઇ નથી!!
ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાના થકી!! ૩૧
વિજળી સહિત ઘનઘોર મુશલધારથી વળી વર્ષતો,
વર્ષાદ દુસ્તર કમઠ દૈત્યે, છોડિયો પ્રભુ! ગાજતો;
તેણે અહો જીનરાજ ઉલટું રૂપ ત્યાં સ્હેજે ધર્યું,
તિક્ષણ છુરી તલવાર કેરૂં કામ તે સામું કર્યું!! ૩૨
વિકાળ ઉંચા કેશ લટકે માળ શબના શિરની,
ભયકારી અગ્નિ મુખ વિશેથી નિકળે જેના વળી;

એવો સમૂહ પિશાચનો જે આપ પ્રત્યે પ્રેરિયો,
હે દેવ ! પ્રતિભવ દુઃખકારી તેહને તે તો થયો ! ! ૩૩
હે ત્રણભુવનના નાથ ! જેઓ અન્ય કાર્યો છોડીને,
ત્રિકાળ વિધવત્ પૂજતા તુજ ચરણને ચિત જોડીને;
વળી ભક્તિના ઉલ્લાસથી રોમાંચ વાળો દેહ છે,
આ પ્રથ્વીમાં તે ભવ્યજનને હે પ્રભુજી ધન્ય છે. ૩૪
હે મુનીશ ! આ સંસારરૂપ અપાર સાગરને વિષે,
હું માનુંછું તુમ નામ નહિ મુજ શ્રવણમાં આવ્યું હશે;
શુણ્યા છતાંય પવિત્ર મંત્રરૂપી તમારા નામને,
આપત્તિરૂપી સર્પિણી શું સમીપમાં આવી શકે ? ૩૫
હે દેવ જન્માંતર વિષે પણ આપના એ ચરણ જે,
બળવાન ઇચ્છિત આપવે તે, મેં નહીં પૂજ્યા હશે;
હે મુનીશ હું તેથી કરીને જરૂર આ ભવને વિષે,
સ્થળ હૃદય વેધક પરાભવનું થયેલો જાતે દીશે. ૩૬
નિશ્ચય અરે ! મોહાંધકારે વ્યાપ્ત એવાં નેત્રથી,
પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી;
કેવી રીતે થઇ હૃદય ભેદક અન્યથા પીડે મને,
બળવાન બંધનની ગતિવાળા અનર્થો શરીરને. ૩૭
કદી સાંભળ્યા, પૂજ્યા ખરેખર, આપને નિરખ્યા હશે,

પણ પ્રીતિથી ભક્તિવડે નહિ હૃદયમાં ધાર્યો હશે;
જનબંધુ ! તેથી દુખપાત્ર થયેલછું ભવને વિષે,
કાંકે ક્રિયા ભાવે રહિત નહિ આપતી ફળ કાંઇએ. ૩૮
સુખકારી સરણાગત પ્રભુ ! હિતકારીજન દુખિયાતણા,
હે યોગિયોમાં શ્રેષ્ટ ! સ્થળ કરૂણા અને પુણ્યજતણા;
ભક્તિ થકી નમતો હું તે મહેશ ! મા'રા ઉપરે,
તત્પર થશો દુઃખ અંકુરોને ટાળવા કરૂણાવડે. ૩૯
અસંખ્ય બળનું શરણુ ને વળી શરણ કરવા યોગ્ય જે,
આર નાશથી થઇ કીર્તિ એવા આપના પગ કમળને;
શરણે છતાં પણ ભુવન પાવન ! ધ્યાનથી કદી હીણતો,
હું પ્રથમથીજ હણાયલો હણવાજ માટે યોગ્ય જો. ૪૦
હે અખિલ વસ્તુ જાણનારા ? વંદ્ય ! હે દેવેન્દ્રને,
સંસારના તારક ! અને ભુવનાધિનાથ ! પ્રભુ ! તમે;
ભયકારી દુઃખદરિયા થકી આજે પવિત્ર કરો અને,
કરૂણાતણા હે સિંધુ ! તારો દેવ ! દુખિયાને મને. ૪૧
હે નાથ ! આપ ચરણકમળની નિત્ય સંચિતજે કરી,
તે ભક્તિ કેરી સંતતિનુ હોય ફળ કદી જો જરી;
તો શરણ કરવા યોગ્ય ! માત્રજ, આપને શરણે રહ્યો.
તે અહીંઅને ભવ અન્યમાં પોતેજ મુજ સ્વામીથજો. ૪૨

એ રીતથી રૂડે પ્રકારે સ્થિર બુદ્ધિવાનને,
અતિ હર્ષથી રોમાંચી જેના શરીર કેરાં અંગને;
તુજ મુખકમળ નિર્મળ વિષે જીનેંદ્ર! બાંધી દ્રષ્ટીને,
જે ભવ્યજન હે પ્રભુ! રચે છે, આપ કેરી સ્તુતિને.૪૩

પુષ્પિતાગ્રા છંદ.

જન નયન કુમુદચંદ્ર સ્વામી,
ચળકતી સંપદ સ્વર્ગનીજ પામી;
નિરમળ મનના થવા થકીએ,
તુરત જશે જન મોક્ષને વિષે તે. ૪૪

॥ અથ શ્રી વીરજિનનાં ચઉદ સ્વપ્નનું ॥

સ્તવન.

રાયરે સિધારથ ઘેર પટરાણી, નામે ત્રિશલા સુલક્ષણીએ ॥ રાજભુવન માંહે પલંગે પોઢંતાં, ચઉદ સુપન રાણીએ લહ્યાંએ ॥ ૧ ॥
પહેલે રે સુપને ગયવર દીઠો, બીજે વૃષભ સોહામણોએ ॥ ત્રીજે સિંહ સુલક્ષણો

દીઠો. ચોથે લક્ષમી દેવતાએ ॥ ૨ ॥ પાંચમે
પંચ વરણી પુલની માળા, છઠ્ઠે ચંદ્ર અમિય
ઝરયોએ ॥ સાતમે સૂરજ આઠમે ધ્વજા, ન-
વમે કળશ અમિય ભરયોએ ॥ ૩ ॥ પદ્મ
સરોવર દશમે દીઠો, ખીરસમુદ્ર દીઠો અ-
ગીયારમે એ ॥ દેવ વિમાન તે બારમે દીઠું,
રણુજણુ ઘંટા વાજતાં એ ॥ ૪ ॥ રતનનો
રાશિ તે તેરમે દીઠો. અગ્નીશિખા દીઠી ચ-
ઉદમે એ ॥ ચઉદ સુપન લહી રાણીજી
જાગ્યાં, રાય સમોવડ પોહોતલાં એ ॥ ૫ ॥
સુણોરે સ્વામી મેં તો સુહણલાં લાધ્યાં, પા-
છલી રાત રળીયામણી એ ॥ રાયરે સિદ્ધા-
રથ પંડિત તેડયા, કહોરે પંડિત ફળ એ-
હનાં એ ॥ ૬ ॥ અમ કુળમંડણુ તુમ કુળ
દીવો, ધનરે મહાવીર સ્વામી અવતર્યા એ ॥
જે નર ગાવે તે સુખ પાવે, આનંદ રંગ
વધામણાં એ ॥ ૭ ॥ ઇતિ સમાસમ્ ॥

॥अथ श्री महावीरस्वामिनुं हालरियुं॥

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પાલણે, ગાવે હાલો હાલો હાલરવાનાં ગીતરે ॥ સોના રૂપાને વળી રત્ને જડિયું પાલણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીતરે ॥ હાલો, હાલો હાલો હાલો રે મ્હારા વીરને ॥ ૧ ॥ જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે, હોશે ચોવિશમો તીર્થંકર જિત પરિણામ ॥ કેશીસ્વામી મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી હુઇ તે મ્હારે અમૃત વાણરે ॥ હા૦ ॥ ૨ ॥ ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ, વીત્યા બારે ચક્રી નહીં હવે ચ-ક્રીરાજ, જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગ-ણધર ॥ તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ, મ્હારી કુખે આવ્યા ત્રણ્ય ભુવન શિર તાજ, મ્હારી કૂખે આવ્યા તરણ તારણ

જિહાજ ॥ હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઇ આજ રે ॥ હા૦ ॥ ૩ ॥ મુજને ડોહળા ઉપન્યા બેસું ગજ અંબાડીએ, સિંહાસનપર બેસું ચામર છત્ર ધરાય ॥ સહુ લક્ષણ મુજને નંદન ત્હારા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માયરે ॥હા૦॥ ॥ ૪ ॥ કર તળ પગતળ લક્ષણ એક હજારને આઠ છે, તેહુથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ ॥ નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો, મેં તો પહેલે સુપને દીઠો વીશવા વીશરે ॥ હા૦ ॥ ૫ ॥ નંદન નવલા બંધવ નંદી વર્દ્ધનના તમે, નંદન ભોજાઇયોના દેવર છો સુકુમાળ ॥ હસશે ભોજાઇયો કહી દીયર મ્હારા લાડકા, હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ, હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલરે ॥ ॥ હા૦ ॥ ૬ ॥ નંદન નવલા ચેડા રાજાના

ભાણેજ છો, નંદન નવલી પાંચશે મામીના ભાણેજ છો, નંદન મામલીયાના ભાણેજા સુકુમાળ ॥ હસશે હાથે ઉચ્છાળી કહીને ન્હાના ભાણેજા ॥ આંખ્યો આંજીને વળી ટ-પકું કરશે ગાલરે. ॥ હા૦ ॥ ૭ ॥ નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રતને જડીયાં ઝુલડા મોતી કસબી કોર ॥ નિલાં પીળાં ને વળી રાતાં સરવે જાતિનાં, પહે-રાવશે મામી મ્હારા નંદ કિશોર રે ॥હા૦॥ ॥ ૮ ॥ નંદન મામા મામી સુખડલી બહુ લાવશે, નંદન ગજુવે ભરશે લાડૂ મોતીચૂર ॥ નંદન મુખડાં જોઇને લેશે મામી ભામણું, નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂરરે ॥ હા૦ ॥ ૯ ॥ નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મ્હારી ભત્રીજીને બ્હેન તમારી નંદ ॥ તે પણ ગુંજે ભરવા લાખણસાઇ લાવશે, તુમને જોઇ જોઇ હોશે અધિકો પ-

રમાનંદ રે ॥ હા૦ ॥ ૧૦ ॥ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો, વળી સૂડા મેના પોપટને ગજરાજ ॥ સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી, મામી લાવશે રમવા નંદ તમારે કાજરે ॥હા૦ ॥ ૧૧ ॥ છપ્પન કુમરી અમરી જળ કળશે નવરાવિયા, નંદન તમને અમને કેળીઘરની માંહ ॥ ફૂલની વૃષ્ટી કીધી યોજન એકને માંડલે, બહુ ચિ-રંજીવો આશીશ દીધી તુમને ત્યાંહ રે ॥ હા૦ ॥ ૧૨ ॥ તમને મેરૂ ગિરિપર સુરપ-તિયે નવરાવિયા, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય ॥ મુખડા ઉપર વારી કોટી કોટી ચંદ્રમા, વળી તનપર વારી ગ્રહ ગણુ સમુદાયરે ॥ હા૦ ॥ ૧૩ ॥ નંદન ન-વલા ભણવા નિશાળે પણ મૂકશું, ગજપર અંબાડી બેસાડી મ્હોટે સાજ ॥ પસલી ભ-રશું શ્રીફળ ફોફળ નાગરવેલશું, સુખડલી

લેશું, નિશાળીયાને કાજ રે ાા હાo ાા૧૪ાા નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું, વહૂ વર સરખાં જોડી લાવશું રાજકુમાર ાા સરખા સરખી વેવાઈ વેવાણું પધરાવશું, વર વહુ પોંખી લેશું જોઇ જોઇને દેદાર રે ાા ાા હાo ાા ૧૫ ાા પીયર સાસર મ્હારા બેહુ પખ નંદન ઉજળા, મ્હારી કૂખે આવ્યા તાત પનોતા નંદ ાા મ્હારે આંગણ વૂઠયા અમૃત દૂધે મેહુલા, મ્હારે આંગણ ફળિયા સુરતરૂ સુખના કંદરે ાા હાo ાા ૧૬ ાા ઇણિપરે ગાયું માતા ત્રિશલા સુતનું હાલરૂં, જે કોઇ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ ાા બાલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં, જયજય મંગળ હોજો દીપવિજય કવિરાજરે ાાહાoાા ાા ૧૭ ાા ઇતિ. ાા

અથ શ્રી જીવરાશિની સજ્ઝાય.

હવે રાણી પદમાવતી, જીવરાશિ ખમાવે ॥ જાણપણું જગતે ભલું, એણીવેળાયે આવે ॥ તે મુજ મિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥ અરિહંતની સાખ ॥ જે મેં જીવવિરાધિયા, ચોરાશી લાખ ॥ તે મુજ૦ ॥ ૨ ॥ સાત લાખ પૃથ્વી તણા, સાતે અપકાય, સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાય ॥ તે મુજ૦ ॥ ૩ ॥ દશલાખ પ્રત્યેક વનસ્પતિ, ચઉદે સાધર ॥ બી તિ ચૌરેંદ્રિય જીવના, બે બે લાખ વિચાર ॥ તે મુજ૦ ॥ ૪ ॥ દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી ॥ ચઉદ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી ॥ તે મુજ૦ ॥ ૫ ॥ ઈણ ભવે પરભવે સેવિયાં, જે પાપ અઢાર ॥ ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરૂં, દુર્ગતિનાં દાતાર ॥ તે મુજ૦ ॥ ૬ ॥ હિંસા

કીધી જીવની, બોલ્યા મૃષાવાદ ॥ દોષ અ-
દત્તાદાનના, મૈથુન ઉનમાદ ॥ તે મુજ૦ ॥
॥ ૭ ॥ પરિગ્રહ મેળ્યો કારમો, કીધો ક્રોધ
વિશેષ ॥ માન માયા લોભ મેં કિયાં, વળી
રાગ ને દ્વેષ ॥ તે મુજ૦ ॥ ૮ ॥ કળહ કરી
જીવ દુહવ્યા, દીધાં કુડાં કલંક ॥ નિંદા
કીધી પારકી, રતિ અરતિ નિશંક ॥ તે
મુજ૦ ॥ ૯ ॥ ચાડી કીધી પારકી, કીધો
થાપણ મોસો ॥ કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો
આણ્યો ભરોંસો ॥ તે મુજ૦ ॥ ૧૦ ॥ ખા-
ટકીને ભવે મેં કિયા, જીવના વધ ઘાત ॥
ચડીમાર ભવે ચરકલાં, મારયાં દિન રાત ॥
તે મુજ૦ ॥ ૧૧ ॥ કાજી મુલ્લાને ભવે, પઢી
મંત્ર કઠોર ॥ જીવ અનેક જબ્હે કિયા, કીધાં
પાપ અઘોર ॥ તે મુજ૦ ॥ ૧૨ ॥ માછીને
ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ ॥ ધીવર ભીલ
કોળી ભવે, મૃગ પાડ્યા પાસ ॥ તે મુજ૦

॥ ૧૩ ॥ કોટવાળને ભવે મેં કિયા, આકરા
કર દંડ ॥ બંધીવાન મરાવિયા, કોરડા છડી
દંડ ॥ તે મુજ૦ ॥ ૧૪ ॥ પરમાધામીને
ભવે, દીધાં નારકી દુઃખ ॥ છેદન ભેદન વે-
દના, તાડન અતિ તિખ્ખ ॥ તે મુજ૦ ॥
॥ ૧૫ ॥ કુંભારને ભવે મેં કિયા, નીમાહ
પચાવ્યા ॥ તેલી ભવે તલ પીલિયા, પાપે
પિંડ ભરાવ્યા ॥ તે મુજ૦ ॥ ૧૬ ॥ હાળી
ભવે હળ ખેડીયાં, ફોડયાં પૃથવીનાં પેટ ॥
સૂડ નિદાન કિયાં ઘણાં, દીધા બળદ ચપેટ ॥
॥ તે મુજ૦ ॥ ૧૭ ॥ માળી ભવે રોપ
રોપિયા, નાનાવિધ વૃક્ષ ॥ મૂળ પત્ર ફળ
ફુલનાં, લાગ્યાં પાપ અલક્ષ ॥ તે મુજ૦ ॥
॥ ૧૮ ॥ અહેવાઇયાને ભવે, ભરયા અધિકા
ભાર ॥ પોઠી ઉંટ કીડા પડયા, દયા નાણી
લગાર ॥ તે મુજ૦ ॥ ૧૯ ॥ છીંપાને ભવે
છેતરયા, કીધાં રંગણ પાસ ॥ અગ્નિ આરંભ

કીધાં ઘણા ધાતુર્વાદ અભ્યાસ ॥ તે મુજ૦
॥ ૨૦ ॥ શુરપણે રણ ઝુઝતાં, માર્યા માણસ
વૃંદ ॥ મદિરા માંસ માંખણ ભખ્યાં, ખાધાં
મૂળ ને કંદ ॥ તે મુજ૦ ॥ ૨૧ ॥ ખાણ
ખણાવી ધાતુની, પાણી ઉલ્લેચ્યાં ॥ આરંભ
કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યાં ॥
તે મુજ૦ ॥ ૨૨ ॥ અંગાર કર્મ કિયા વળી,
ધરમે દવજ દીધા ॥ સમ ખાધા વીતરાગના,
કુડા કોસજ કીધા ॥ તે મુજ૦ ॥ ૨૩ ॥
બિલ્લી ભવે ઉંદર ગળ્યા, ગિરોળી હત્યારી ॥
મૂઢ ગમાર તણે ભવે, મેં જૂ લીખ મારી ॥
॥ તે મુજ૦ ॥ ૨૪ ॥ ભાડભુંજા તણે ભવે,
એકેંદ્રિય જીવ ॥ જાર ચણા ઘઊં શેકિયા,
પાડંતા રીવ ॥ તે મુજ૦ ॥ ૨૫ ॥ ખાંડણ
પીસણ ગારના, આરંભ અનેક ॥ રાંધણ ઈં-
ધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્વેગ ॥ તે મુ-
જ૦ ॥ ૨૬ ॥ વિકથા ચાર કીધી વળી, સેવ્યા

પંચ પ્રમાદ ॥ ઇષ્ટ વિયોગ પડાવિયા, રૂદન વિષવાદ ॥ તે મુજ૦ ॥ ૨૭ ॥ સાધુ અને શ્રાવક તણાં, વ્રત લેઇને ભાગ્યાં ॥ મૂળ અને ઉત્તર તણા, મુજ દુષણ લાગ્યાં તે મુજ૦ ॥ ॥ ૨૮ ॥ સાપ વીંછી સિંહ ચીતરા, શકરાને સમળી ॥ હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી ॥ તે મુજ૦ ॥ ૨૯ ॥ સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા ॥ જીવાણી ઢાળ્યાં ઘણાં, શીળવ્રત ભંજાવ્યાં ॥ તે મુજ૦ ॥ ૩૦ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ ॥ ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર ॥ તે મુજ૦ ॥ ૩૧ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ ॥ ત્રિવિધે ત્રિવિધે કરી વોશિરૂં, તિણશું, પ્રતિબંધ ॥ તે મુજ૦ ॥ ૩૨ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ ॥ ત્રિવિધે ત્રિવિધે કરી વોશિરૂં, તિણશું પ્રતિબંધ ॥ તે

મુજ૦ ॥ ૩૩ ॥ ઇણિપરે ઇહુ ભવ પરભવે, કીધાં પાપ અખત્ર ॥ ત્રિવિધે ત્રિવિધે કરી વોશિરૂં, કરૂં જન્મ પવિત્ર ॥ તે મુજ૦ ॥૩૪॥ એણિ વિધે એ આરાધના, ભાવે કરશે જેહુ ॥ સમય સુંદર કહે પાપથી, વળી છુટશે તેહુ ॥ તે મુજ૦ ॥ ૩૫ ॥ રાગ વૈરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ ॥ સમય સુંદર કહે પાપથી, છુટે તતકાળ ॥ તે મુજ૦ ॥૩૬॥ ઇતિ સમાસમ્ ॥

॥ अथ श्री महावीरस्वामीनुं चोढालीयुं ॥ ढाल १ ली. ॥

સિદ્ધારથ કૂળે તું ઊપન્યો, ત્રિશલાદે થારી માત જી ॥ વરશી દાન દેઇ કરી, સંયમ લીધો જગનાથ જી ॥ થેં મન મોહ્યું મહાવીર જી ॥ ૧ ॥ કંચન વરણી છે કાય જી ॥ નયણુ ન ધ્રાપે જી નિરખતાં,

હિઠડે આવે છે હાયજી ॥ થેં મન૦ ॥ ૨॥ આપ એકિલા સંયમ આદર્યો, ઉપન્યો, ચોથો રે જ્ઞાન જી ॥ ઉત્કૃષ્ટ તપ થેં આદર્યો, ધરતા નિર્મળ ધ્યાન જી ॥ થેં મન૦ ॥ ૩ ॥ ઉગ્ર વિચાર થેં આદરયો, કેઇ વાસ રહ્યા: વનવાસ જી ॥ કેઇ વાસા વસ્તિયે ર-હ્યા, ન રહ્યા એક ઠામે ચોમાસ જી ॥ થેં મન૦ ॥ ૪ ॥ પ્રભુ પહેલો ચોમાસો થેં કિયો, અઠ્ઠી ગામ મોઝાર જી ॥ દૂજો વા-વાણીજ ગામ મેં; પંચ ચંપા સુખકાર જી ॥ થેં મન૦ ॥૫॥ પંચ પૃષ્ઠ ચંપા કરયાં, વિશાળા નગરીમાં તીન જી ॥ રાજ ગૃહીમાં ચૌદે કરયાં, નાલંદે પાડે લયલીન જી ॥ થેં મન૦ ॥૬॥ છ ચોમાસાં મિથિ-લા કરયાં, ભદ્રિકા નગરીમાં હોય જી ॥ એક કરયો રે આલંભિયા, સાવર્થિ નગરી એક હોય જી ॥ થેં મન૦ ॥ ૭ ॥ એક અના-

રજ દેશમાં, અપાપા નગરી એક જાણુ જી ॥ એક કરચો પાવાપૂરિ મેં, જહે પહોત્યા નિરવાણુ જી ॥ થેં મન૦ ॥ ૮ ॥ હસ્તિ- પાળ રાજા ઇમ વીનવે, હું તુમ ચરણારો દાસ જી, એક શાળા મ્હારે સૂઝતી, આપ કરોને ચોમાસ જી ॥ થેં મન૦ ॥ ૯ ॥ ચાળીશ ચોમાસાં શહેરમાં, દાખ્યાં દેશ નગરના નામ જી ॥ એક અનારજ દેશમાં, એક ચોમાસું વળિ ગામ જી ॥ થેં મન૦ ॥ ૧૦ ॥ પ્રભુ ગામ નગર પૂર વિચર્યા, ભવ્ય જીવારાં ભાગ્ય જી ॥ મારગ બતાયો મોક્ષનો, કિયો ઉપગાર અથાગ જી ॥ થેં મન૦ ॥ ૧૧ ॥ સાડાબાર વરસાં લગે, ઉ- પર આધો રે માસ જી ॥ છદ્મસ્થ રહ્યા પ્રભુ એટલું, પછી કર્યો કેવળજ્ઞાન પ્રકાશ જી ॥ થેં મન૦ ॥ ૧૨ ॥ વર્ષે બયાળીશ પાળિયો, સંયમ સાહસ ધીર જી ॥ ત્રીશ

વરસ ઘરમાં રહ્યા, મોક્ષ દાયક મહાવીર જી ॥ થેં મન૦ ॥ ૧૩ ॥ પાવાપુરિમાં પધારિયા, નર નારી હૂઆ ઉલ્લાસ જી ॥ ઋષિ રાયચંદજી ઈમ વીનવે, હું આયો પ્રભુજીને પાસ જી ॥ થેં મન૦ ॥ ૧૪ ॥ સંવત અઢારે ગુણચાલીશમેં, નાગોર શહેર ચોમાસ જી ॥ પૂજ્ય જેમલજી પ્રસાદથી, એહ કરી અરદાસ જી ॥ થેં મન૦ ॥ ૧૫ ॥ ઇતિ. ॥

॥ ઢાલ ૨ જી. ॥

શાસન નાયક વીર જિણંદ, તીરથનાથ જાણે પૂનમ ચંદ ॥ ચરણે લાગે જયારે ચોશઠ ઈંદ્ર, સેવા કરે જયારી સુર નર વૃંદ ॥ થેં અબકો ચોમાસો સ્વામિજી અઠેકરો જી, થેં પાવાપુરિસેં પગ આધો મતિ ધરોં જી, અઠે કરો, અઠે કરો, અઠે કરો, જી,

થેં ચરમ ચોમાસો સ્વામિજી અહે કરો જી ॥૧॥ એ આંકણી ॥ હસ્તિપાળ રાજા વિનવે કરજોડ, પૂરો પ્રભુજી મ્હારા મનરા હો કોડ ॥ શીશ નમાય ઊભો જોડી હાથ, કરૂણા સાગર વાંજો કૃપાજી નાથ ॥ થેં અબકો૦ ॥૨॥ રાયની રાણી વિનવે રાજલોક, પુણ્ય જોગે મળ્યો સેવાનો સંજોગ ॥ મન વાંછિત સહુ મળિયાં જી કાજ; થેં મયા કરી મુજ સામું જુઓ જિનરાજ ॥ થેં અબકો૦ ॥ ૩ ॥ શ્રાવક શ્રાવિકા કઈ નર નાર, મળી મળી વિનતી કરે વારંવાર ॥ પાવાપૂરિમાં પધારયા વીતરાગ, પ્રગટી પુણ્યાઇ મ્હારાં મ્હોટાં જી ભાગ્ય ॥ થેં અબકો૦ ॥ ૪ ॥ વળિ હસ્તિપાળ રાજા વિનવે ભૂપાળ, પ્રભુ જી થેં છો દીન દયાળ ॥ સૂઝતી એક મ્હારે મ્હોટી છે શાળ, હવે લાગી ગયો છે વરષા જી કાળ ॥ થેં અબ

કો૦ ॥ ૫ ॥ માની વિનતી પ્રભુ રહ્યા ચો-
માસ, પાવાપુરિમાં હુઓ હરષ ઉલ્લાસ ॥
ગૌતમ ગણધર ગુરાંજીને પાસ, નિશિ દિન
જ્ઞાનનો કરેજી અભ્યાસ ॥ થેં અબકો૦ ॥
૬ ॥ સાધુ અનેક રહ્યા કરજોડ, સેવા કરે
સદા હોડાજી હોડ ॥ ચૌદ હજાર ચેલા ર-
ત્નારી માળ, દીક્ષા લીધી છોડી માયા જં-
જાળ ॥ થેં અબકો૦ ॥ ૭ ॥ વડિ ચેલ્લી
ચંદનબાળા જી જાણુ, હુઇ કુમારિ મહા સ-
તિ ચતુર સુજાણુ ॥ મોતીની માળા છત્રીશ
હજાર ॥ સઘળી મેં વડી સાધવી એ શિ-
રહાર ॥ થેં અબકો૦ ॥ ૮ ॥ ચારૂઇ સંઘ
સેવા નિત્ય કરે, પ્રભુજીને દેખી દેખી અં-
ખીયાં ઠરે ॥ નવ મલ્લિને નવ લચ્છી જી
રાય, જયારાં દર્શન કેરી ચિત્તમેં ચાય ॥
થેં અબકો૦ ॥ ૯ ॥ સંઘ સઘળા રે હુઇ-
મન રંગ રળી, પુણ્ય યોગે પ્રભુજી નીસેવા

મળી ॥ ઋષિ રાયચંદજી વિનવે જોડી હાથ, થેં કરૂણાસાગર વાંજો કૃપાજીનાથ ॥ થેં અ-બકો૦ ॥ ૧૦ ॥ શહેર નાગોરમેં કિયોજી ચોમાસ, પ્રભુજી દેજયો મુને મુગતિનો વાસ ॥ હું સેવક તુમે સાહિબ સ્વામ, મ્હારે અવર દેવાશું નહિ કોઇ કામ ॥ થેં અબ-કો૦ ॥ ૧૨ ॥ ઇતિ.

॥ ઢાલ ૨ જી. ॥

શાસન નાયક શ્રી મહાવીર, તીરથનાથ ત્રિભુવન ધણી ॥ પાવાપુરિમેં કિયો ચરમ ચોમાસ, હુઇ મોક્ષદાય કરી મહિમા ઘણી ॥ ગૌતમને મેલ દિયો મહાવીર, દેવશર્મા-ને પ્રતિબોધવા ॥ ૧ ॥ ઉતરાધ્યયનનાં અ-ધ્યયન છત્રિશ, કારતક વદિ અમાવાસ્યે ક-હ્યાં ॥ એકશોને વળિ દશ અધ્યયન, સૂત્ર

વિપાક તણાં લહ્યાં ॥ ગૌત્તમને૦ ॥ ૨ ॥ શોસા કિધા શ્રી વીરજીની પાસ, દેશ અઢારના રાજીયા ॥ નવ મલ્લિને નવ લચ્છીજી રાય, વીરના ભગતા વાજીયા ॥ ગૌતમને૦ ॥ ૩ ॥ પ્રભુ શાસનના શિરદાર, સર્વ સંઘને સંતોષવને ॥ સોળ પહોર લગે દેશના દીધ, પછી વીર બીરાજ્યા મોક્ષ મેં ॥ ગૌતમને૦ ॥ ૪ ॥ તિન વરસને સાડા આઠ માસ, ચોથા આરાના બાકી રહ્યા ॥ દિન દોય તણો સંથાર, મૌન રહી મુગતે ગયા ॥ ગૈ.તમને૦॥ ॥ ૫ ॥ ઇંદ્ર આવ્યા જી ચિત્ત ઉદાસ, દેવ દેવીના સાથમેં ॥ જાણે ઝગ મગ લગ રહી જ્યોત, અમાવશ્યાની રાત મેં ॥ ગૌતમને૦ ॥ ૬ ॥ મુગતિ પહોત્યા એકા એક, સાતસે હુવા જ્યારે કેવળી ॥ ચૌદસે સાધવિયાં હુઇ સિદ્ધ, હું

* મૌન રહી (પાંઠાંતરે) મૌન નહી.

સહુને વાંદુ મનરળી ॥ ગૌતમને૦ ॥ ૭ ॥
રહ્યા ત્રીશ વરસ ઘર માંય, વર્ષ બયાળિ
સંયમ પાળીયો ॥ પ્રભુ જગ તારણુ જગ-
દીશ, દયા માર્ગ અજુવાળીયો ॥ ગૌતમને૦
॥ ૮ ॥ હોજી દેવ દેવી ને વળિ ઈંદ્ર, નિ-
ર્વાણુ તણો મહોચ્છવ કીયો ॥ અરિહંતનો
પડિયો વીજોગ, સુર નરનો ભરિયો હીયો
॥ ગૌતમને૦ ॥ ૯ ॥ સાધુ સાધવી કરતા
શોક, શ્રાવક શ્રાવિકા પણુ ઘણો ॥ ભરત
ક્ષેત્રમાં પડિયો વીજોગ, આજ પછી અરહંત
તણો ॥ ગૌતમને૦ ॥ ૧૦ ॥ પછી બેઠા
સુધર્મ સ્વામી પાટ, ચારૂઇ સંઘ ચરણુ સે-
વતા ॥ જયારી પાળતા અખંડિત આણુ,
સેવા કરે દેવીને દેવતા ॥ ગૌતમને૦ ॥૧૧॥
મુગતે પહોત્યા શ્રી મહાવીર, પ્રભુ સુખ
પામ્યા છે શાશ્વતાં ॥ ઋષિ રાયચંદજી કહે
એમ, મહારે અરિહંત વચનની આસતા ॥
ગૌતમને૦ ॥ ૧૨ ॥ ઇતિ. ॥

॥ ઢાલ ૪ થી. ॥

શ્રી મહાવીર પહોત્યા નિર્વાણ, ગૌતમ-
સ્વામીએ વાતજ જાણી ॥ ગુરાંજી થેં મને
ગોડે ન રાખ્યો ॥ ૧ ॥ એ આંકણી ॥ મુ-
ગતિ જાવણરો નામ ન દાખ્યો ॥ ગુરાંજી૦
॥ ૨ ॥ હું સઘળા પહેલો હુવો થારો ચે-
લો, ઇણ અવસર આધો કિમ મેલ્યો ॥ ગુ૦
રાંજી૦ ॥ ૩ ॥ પ્રભુ તુમ ચરણે મ્હારો
ચિત્ત લાગ્યો, પણ થેં મુને છેહ દિયો આ
ગો ॥ ગૂરાંજી૦ ॥ ૪ ॥ મુને દરશન આ-
પરો લાગતો પ્યારો, આપ પહોત્યા નિર્વાણ
મુને મેલ ન્યારો ॥ ગૂરાંજી૦ ॥ ૫ ॥ આપે
તો મુજશું અંતર રાખ્યો, પિણ મેં મ્હારા
મનરો દરદ ન દાખ્યો ॥ ગૂરાંજી૦ ॥ ૬ ॥
હું આપ માંડીને ન ઝાલત પલ્લો, પણ
સાહિબ કામ કિયો તુમે ભલ્લો ॥ ગૂરાંજી૦
॥ ૭ ॥ હું તુમને અંતરાય ન દેતો, મુગ-
તિમેં જગ્યા વહેંચી ન લેતો ॥ ગૂરાંજી ॥

૮ ॥ હું સંકડાઇ ન કરતો કાંઇ, આપ સાથે હું મોક્ષમેં આઇ ॥ ગૂરાંજી૦ ॥ ૯ ॥ અબ હું પુછા કરશું કિણ આગેં, પ્રભુ મહારો મન એક થાશુંજ લાગે ॥ ગૂરાંજી૦ ॥ ૧૦॥ મહારો સાંસો કહો કુણ ટાળે, આપ વિના પાખંડીના મદ કુણ ગાળે ॥ ગૂરાંજી૦ ॥૧૧॥ હું તો ચૌદે પૂરવ ને ચૌનાણી, પિણ મોહની કર્મ લપેટયો આણી ॥ ગૂરાંજી૦ ॥ ૧૨ ॥ ઇસા ગૌતમસ્વામીયે કિયા વિલપાત, એ મોહની કર્મની અચરિજ વાત ॥ ગૂરાંજી૦ ॥ ૧૩ ॥ હવે મોહની કર્મ દૂરે ટાળી, ગૌતમસ્વામીયે સુરતિ સંભાળી ॥ વીતરાગ રાગ દ્વેષશું વીત્યા. ॥ ૧૪ ॥ એ આંકણી ॥ મહારા ચિત્તમાં આઇ ગઈ ચિન્તા ॥વીતરાગ૦ ॥ ૧૫ ॥ તિણિ વેળા નિર્મળ ધ્યાનજ ધ્યાયો, કેવળજ્ઞાન ગૌતમસ્વામિયે પાયો ॥ વીતરાગ૦ ॥ ૧૬ ॥ બાર વરસ રહ્યા કેવળજ્ઞાની, વાત જાણું કાંઇ નવિ રહી છાની ॥ વીતરા-

ગ૦ ॥ ૧૭ ॥ ગૌતમે પણ કિયો મુગતિમેં વાસો, સંસારનો સર્વ દેખે તમાસો ॥ વીતરાગ૦ ॥ ૧૮ ॥ જેણિ રાતે મુગતિ ગયા વર્દ્ધમાન, ઇંદ્રભૂતિને ઉપન્યું કેવળજ્ઞાન ॥ વીતરાગ૦ ॥ ૧૯ ॥ તિણ દિનથી એ વાજી દીવાળી, મહોટો દિન એ મંગળ માળી ॥ વીતરાગ૦ ॥ ૨૦ ॥ રાત દિવાળીનો શિયળ થેં પાળો, વળિ રાત્રિભોજન કરવો ટાળો ॥ વીતરાગ૦ ॥ ૨૧ ॥ ઋષિ રાયચંદ કહે સુણો હો સુજ્ઞાની, દયારૂપ દીવાળી થેં લેજ્યો માની ॥ વીતરાગ૦ ॥ ૨૨ ॥

॥ કલશ. ॥ શ્રી શાસન નાયક, મુગતિ દાયક, દયા મારગ ઞજુવાળિયો ॥ શ્રી ગૌતમસ્વામી, મુગતિ ગામી, કિયો ચિત્ત વલ્લભ ચોઢાળિયો ॥ ૨૩ ॥ સંવત અઠારે ગુણચાળીશે, નાગોર ચોમાસો નિર્મળ મને ॥ પૂજ્ય જેમલજી પ્રસાદે, સંપૂર્ણ કિયો દિવાળી દિને ॥ ૨૪ ॥ ઇતિ સમાપ્તમ્ ॥

શ્રી નવકારનો છંદ પ્રારંભ.

(દોહા.)

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિન-શાસન સાર ॥ નિશ્ચે શ્રી નવકાર નિત, જ-પતાં જય જયકાર ॥ ૧ ॥ અડશઠ અક્ષર અધિક ફળ, નવપદ નવે નિધાન ॥ વીત-રાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ટિ પ્રધાન ॥૨॥ એકજ અક્ષર એક ચિત્ત, સમરચાં સંપતિ થાય ॥ સંચિત સાગર સાતનાં, પાતિક દૂર પલાય ॥ ૩ ॥ સકળ મંત્ર શિર મુકુટ મણી, સદગુરુ ભાષિત સાર ॥ સો ભવિયાં મન શુદ્ધશું, નિત જપીએ નવકાર ॥ ૪ ॥

(છંદ હાટકી.)

નવકાર થકી શ્રીપાળ નરેસર, પામ્યો રા-જય પ્રસિદ્ધ ॥ સમશાન વિષે શિવ નામ કુમર-ને, સોવન પુરિસો સિદ્ધ ॥ નવ લાખ જપંતાં

નરક નિવારે, પામે ભવનો પાર ॥ સો ભ-
વિયાં ભત્તે, ચોખગે ચિત્તે, નિત જપીએ
નવકાર ॥ ૧ ॥ બાંધી વડશાખા શિંકે બે-
સી, હેઠળ કુંડ હુતાશ ॥ તસ્કરને મંત્ર
સમર્પ્યો શ્રાવકે, ઊડ્યો તે આકાશ ॥ વિ-
ધિ રીત જપ્યો વિષધર વિષ ટાળે, ઢાળે
અમૃત ધાર ॥ સો૦ ॥ ૨ ॥ બીજોરાં કા-
રણ રાય મહાબળ, વ્યંતર દુષ્ટ વિરોધ ॥
જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો જક્ષ
પ્રતિબોધ ॥ નવલાખ જપંતાં થાયે જિન-
વર, ઇશો છે અધિકાર ॥ સો૦ ॥ ૩ ॥ પ-
લ્લિપતિ શીખ્યો મુનિવર પાસે, મહા મંત્ર
મન શુદ્ધ ॥ પરભવ તે રાજસિંહ પૃથવિ
પતિ, પામ્યો પરિગળ ઋદ્ધ ॥ એ મંત્ર
થકી અમરાપુર પહોત્યો, ચારુદત્ત સુવિચાર
॥ સો૦ ॥ ૪ ॥ સંન્યાસી કાશી તપ સા-
ધંતો, પંચાગ્નિ પરજાળ ॥ દીઠો શ્રી પાસ
કુમારે પન્નગ, અધબળતો તે ટાળ ॥ સં-

ભળાવ્યો શ્રી નવકારસ્વયં મુખ, ઇંદ્રભુવન અવતાર ॥ સો૦ ॥ ૫ ॥ મન શુદ્ધે જપતાં મયણાસુંદરી, પામી પ્રિય સંયોગ ॥ ઇણુ ધ્યાને કષ્ટ ટળ્યું ઉંબરનું, રક્તપિત્તનો રોગ ॥ નિશ્ચેશું જપતાં નવનિધિ થાએ, ધર્મતણો આધાર ॥ સો૦ ॥ ૬ ॥ ઘટમાંહી કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત ॥ પરમેષ્ઠિ પ્રભાવે, હાર ફૂલનો, વસુધામાંહી વિખ્યાત ॥ કમળાવતિયે પિંગળ કીધો, પાપતણો પરિહાર ॥ સો૦ ॥ ૭ ॥ ગયણાંગણ જાતિ રાખી સમળીને, પાડી બાણ પ્રહાર ॥ પદ પંચ સુણંતાં પાંડુપતિ ઘર, તે થઇ કુંતા નાર ॥ એ મંત્ર અમુલક મહિમા મંદિર, ભવ દુઃખ ભંજણહાર ॥ સો૦ ॥ ૮ ॥ કંબળ ને સંબળ કાદવ કાઢ્યાં, સકટ પાંચશે માન ॥ દીધે નવકાર ગયા દેવલોકે, વિલસે અમર વિમાન ॥ એ મંત્ર થકી સંપતિ વસુધા તળે, વિલસે જૈન

વિહાર ॥ સો૦ ॥ ૯ ॥ આગે ચોવીશી હૂઇ અનંતી, હોશે વાર અનંત ॥ નવકાર તણી કોઇ આદિ ન જાણે, ઇમ ભાંખે અરિહંત ॥ પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યા સંપતિ સાર ॥ સો૦ ॥ ૧૦ ॥ પરમેષ્ટિ સુર પદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર ॥ પુંડરગિરિ ઊપર પરતખ પેખ્યો, મણિધર ને એક મોર ॥ સહગુરુને સનમુખ વિધિ સમરંતાં, સફળ જનમ સંસાર ॥ સો૦ ॥ ૧૧ ॥ શૂળીકારો પણ તસ્કર કીધો, લોહખરો પરસિદ્ધ ॥ તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની ઋદ્ધ ॥ શેઠને ઘર આવી વિઘ્ન નિવારયાં, સુરે કરી મનોહાર ॥ સો૦ ॥ ૧૨ ॥ પંચ પરમેષ્ટિ જ્ઞાનજ પંચહ, પંચ દાન ચારિત્ર ॥ પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સુમતિ સમકિત ॥ પંચ પ્રમાદહ વિષય તજો પંચ, પાળો પંચાચાર ॥ સો૦ ॥ ૧૩ ॥

(કળશ છપ્પય.)

નિત જપીએ નવકાર, સાર સંપતિ સુખદાયક ॥ શુદ્ધ મંત્ર એ શાશ્વતો, ઇમ જંપે શ્રી જગનાયક ॥ શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે ॥ શ્રી ઉવઝાય સુસાધુ, પંચ પરમેષ્ટિ થુણીજે ॥ નવકાર સાર સંસાર છે, કુશળલાભ વાચક કહે ॥ એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વંછિત લહે ॥ ૧૪ ॥ ઇતિ.

અથ શ્રી શાંતિનાથનો છંદ.

નગર હત્થિણાપુર અતિ રે ભલો, જિહાં જનમ્યા તિર્થંકર ત્રિભુવન તિલો ॥ રાહ પ્રરૂપ્યો જૈન ખરો, શ્રી શાંતિ જિનેશ્વર શાંતિ કરો ॥ ૧ ॥ એ આંકણી ॥ સર્વારથસિદ્ધ થકીરે ચવી, તવ દેશ નગરમાં શાંતિ હવી ॥ શાંતિજી નામ દિયો સખરો, શ્રી શાંતિ૦ ॥ ૨ ॥ વિશ્વસેન પિતા અચિ

રા રે માયા, જેણે ચૌદ સુપન મહોટાં રે પાયા ॥ જનમ્યા તીર્થંકર અમિય ઝરો, શ્રી શાંતિ૦ ॥ ૩ ॥ છપ્પન કુમારિકા ઉલ્લાસ ઘણો, જેણે જનમ મહોચ્છવ કરયો કુમર તણો ॥ ચોશઠ ઇંદ્ર આવી કળશ ભરો, શ્રી શાંતિ૦ ॥ ૪ ॥ ભણાવી બહોતેર કળા, જેણે સહસ્ત્ર ચોશઠ પરણી મહીલા ॥ છ ખંડ સાધ્યા એણીય પરો, શ્રી શાંતિ૦ ॥ ૫ ॥ સહુસ પંચોતેર વરસ કહ્યાં, ચક્રવર્તિ પણે ઘર વાસ રહ્યાં ॥ પછે મિટાઇ દિયો સઘળો ઝગડો, શ્રી શાંતિ૦ ॥ ૬ ॥ એક સહસ પુરૂષ સાથે શિક્ષા; શ્રી જિનવરજીએ લીધી દિક્ષા ॥ પછે સુર નર આવી પાય પડો, શ્રી શાંતિ૦ ॥ ૭ ॥ એક માસ લગેં છદમસ્થ રહ્યા, શુદિ પોશ નોમે દિન કેવળ લહ્યા ॥ ભરણી નક્ષત્ર પ્રભાત ખરો, શ્રી શાંતિ૦ ॥ ૮ ॥ પ્રભુએ મોહજાળ સવિ કાપી, ચતુર્વિધ સંઘ તીરથ થાપી ॥

ચોથો દૂસમ સૂસમ આરો, શ્રી શાંતિ૦ ॥ ૯ ॥ બાશઠ સહસ મુનિરાજ થયા, વળી સહસ નવ્યાસી હુઇ આજિયાં ॥ પ્રભુ તારોને વળી આપ તરો, શ્રી શાંતિ૦ ॥૧૦॥ દોય લાખ નેવુ સહસ શ્રાવક ગુણી, ત્રણ લાખ ત્યાશી સહસ શ્રાવિકા સુણી ॥ ઓર ચતુર્વિધ સંઘ ખરો, શ્રી શાંતિ૦ ॥ ૧૧ ॥ ચાર હજાર ઉહિનાણિ જતિ, વળી ત્રણશે હુવા વિપુલમતિ ॥ નેવૂ ગણધરનો પાપ હરો, શ્રી શાંતિ૦ ॥ ૧૨ ॥ ચાર હજાર ત્રણશે રે કહ્યા, મુનિ કેવળ લહીને મુગતિ ગયા ॥ છ હજાર મુનિ વૈક્રેય ધરો, શ્રી શાંતિ૦ ॥ ૧૩ ॥ ચોત્રીશે રે વાદી ભારી, વળી આઠશે ચૌદ પૂરવધારી ॥ આઠ કરમશું જાઇ લડો, શ્રી શાંતિ૦ ॥ ૧૪ ॥ નવપદવી મોટી રે કહી, જેણે એકણ ભવમાં છોએ લહી ॥ એસો ભારિયો પુણ્ય ઘડો, શ્રી શાંતિ૦ ॥ ૧૫ ॥ પા પા લાખ કુમ-

ર સાધપણે, વળિ અધલાખ વરસ રાજ્ય પણે ॥ એક લાખ વરસનો સર્વ ઘડો, શ્રી શાંતિ૦ ॥ ૧૬ ॥ ચાળીશ ધનુષ ઉંચી રે દેહી, વળિ હેમવરણી ઉપમા રે કહી ॥ દીઠે દિલ દરિયાવ ઠરે, શ્રી શાંતિ૦ ॥ ૧૭ ॥ જે નામ ધરાવે શ્રાવક યતિ, તે અનાચાર સેવો રે માત ॥ પરભવથી સેંતી કાંઈ ડરે, શ્રી શાંતિ૦ ॥ ૧૮ ॥ ત્રિવિધે ત્રિવિધે જીવ મતિ રે હણો, એ ઉપદેશ છે જિનરાજ તણો ॥ માર્ગ બતાવ્યો શુદ્ધ ખરો, શ્રી શાંતિ૦ ॥ ૧૯ ॥ આ જીવ રાયને રંક થયો, વળિ નરક નિગોદમાં બહુ રે રહ્યો ॥ રડવડિયો જેમ ગેડિ દડો, શ્રી શાંતિ૦ ॥ ૨૦ ॥ ચારગતિનાં રે દુઃખ કહ્યાં, જિવે અનંતિ અનંતિ વાર લહ્યાં ॥ પચ રહ્યો જેમ તેલ વડો, શ્રી શાંતિ૦ ॥ ૨૧ ॥ શ્રદ્ધા સહિત તુમે તાપ તપો, ભવ્ય જીવો સૌ તુમે જાપ જપો ॥ માર્ગ મળ્યો છે નિપટ

ખરો, શ્રી શાંતિ૦ ॥ ૨૨ ॥ સંથારો એક માસ તણો, સમ્મેતશિખર સિદ્ધ ઠામ ભણ્યો ॥ નવશો મુનિશું મુગતિ વરો, શ્રી શાંતિ૦ ॥ ૨૩ ॥ મૃગ લંછન સેંતિ ધ્યાન રહ્યા, શ્રી શાંતિ જિનેશ્વર મુગતિ ગયા ॥ પછે મેટ દિયો સવિ જન્મ મરો, શ્રી શાંતિ૦ ॥ ૨૪ ॥ તુમ નામ લિયા સવિ કાજ સરે, તુમ નામે મુગતિ મહેલ મળે ॥ તુમ નામે શુભ ભંડાર ભરો, શ્રી શાંતિ૦ ॥૨૫॥ ઋષિ જેમલજીએ એહ વિનતિ કહી, પ્રભુ તોરા ગુણને પાર નહી ॥ મુજ ભવ ભવનાં દુઃખ દૂર હરો, શ્રી શાંતિ૦ ॥ ૨૬ ॥ ઇતિ. ॥

अथ श्री चार शरणां प्रारंभ

પ્રહ ઉઠીને સમરિયે, હો ભવિયણ મંગળિક શરણાં ચાર ॥ આપદા મટી સંપદા હુવે, હો ભવિયણ દોલતનાં દાતાર ॥ હુદ-

યમાં રાખીએ, હો ભવિયણ મંગળિક શર-
ણાં ચાર ॥ ૧ ॥ એ આંકણી ॥ અરિહંત
સિદ્ધ સાધૂ તણાં, હો૦ કેવળી ભાષિત ધર્મ
॥ એ શરણાં નિત ધ્યાવતાં હો૦ ત્રુટે આઠે
કર્મ ॥ હૃ૦ ॥ હો૦ ॥ ૨ ॥ વાટે ઘાટે ચા-
લતાં, હો૦ રાત દિવસ મોઝાર ॥ ગામ ન-
ગર પુર વિચરતાં, હો૦ વિઘ્ન નિવારણ હાર
॥ હૃ૦॥ હો૦ ॥૩॥ એ ચારે સુખાકારિયાં,
હો૦ એ ચારે જગ સાર ॥ એ ચારે ઉત્તમ
કહ્યાં, હો૦ એ ચારે હિતકાર ॥ હૃ૦ ॥
હો૦ ॥ ૪ ॥ ડાયણ સાયણ ભૂતડાં, હો૦
સિંહ ચિત્રાને શુર ॥ વૈરી દુશ્મન ચોરટા,
હો૦ રહે તે સઘળા દૂર ॥ હૃ૦ ॥ હો૦
॥ ૫ ॥ રાખો શરણાંની આસતા, હો૦ ને-
ડો નહિ આવે રોગ ॥ આણંદ વર્ત્તે ઇણ
નામથી, હો૦ વહાલા તણો સંયોગ ॥ હૃ૦॥
॥ હો૦ ॥ ૬ ॥ સુખશાતા વર્ત્તે ઘણી, હો૦
જે ધ્યાવે નર નાર ॥ પરભવ જાતાં ઘણુ

જીવને, હો૦ એહુ તણો આધાર ॥હુ૦॥હો૦ ॥૭॥ મન ચિંતિત મનોરથ ફળે, હો૦ વર્ત્તે કોડ કલ્યાણ ॥ શુદ્ધ મને ધ્યાવતાં, હો૦નિશ્ચે પદ નિરવાણ ॥હુ૦॥ હો૦ ॥ ૮ ॥ ઇણ સરિખો શરણો નહી, હો૦ ઇણ સરિખો નહિ નામ ॥ ઇણ સરિખો મિત્ર નહી, હો૦ ગામ નગર પુર ઠામ ॥ હુ૦ ॥ હો૦ ॥ ૯ ॥ દાન શિયળ તપ ભાવના, હો૦ જગમેં તત્તવ સાર ॥ કરો આરાધો ભાવશું, હો૦ પામો મોક્ષદુવાર ॥ હુ૦ ॥ હો૦ ॥ ૧૦ ॥ જોડ કિધી છે જુગતિશું, હો૦ પાલી શેખાકાળ ॥ રૂષ ચોથમલજી ઇમ ભણે, હો૦ સુણજો બાળ ગોપાળ ॥ હુ૦ ॥ હો૦ ॥ ૧૧ ॥ ઇતિ.

અથ શ્રી જ્વર [તાવ] નો છંદ.

॥ દોહા ॥

નમો આનંદપુર નગર, આજયપાલ રાજાન ॥ માતા અજયાજનમિયો, જ્વર તું કૃપા નિધાન ॥ ૧ ॥ સાતરૂપ શક્તિ હુઆ

કરવા ખેલ જગત્ત ॥ નામ ધરાવે જૂજુવા, પસર્યો તું ઇત્ત ઉત્ત ॥ ૨ ॥ એકાંતરો બે-યાંતરો, ત્રઇયો ચોથો તામ, શીત ઉષ્ણ વિષમ જવરો, એ સાતે તુજ નામ ॥ ૩ ॥

॥ છંદ. ॥

એ સાતે તુજ નામ સુરંગા, જપતાં પૂરે કોડિ ઉમંગા ॥ તેં નામ્યા જે જાલિમ જૂગાં, જગમાં વ્યાપી તુજ જસ ગંગા ॥ ૪ ॥ તુજ આગે ભૂપતિ સબ રંકા, ત્રિભૂ-વનમાં વાજે તુજ ડંકા ॥ માને નહિ તું કેહની શંકા, તુઠયો આપે સોવન ટંકા ॥ ૫ ॥ સાધક સિદ્ધ તણા મદ મોડે, અસુર સુરા તુજ આગલ દોડે ॥ દુષ્ટ ધીટ્ટનાં કંધ-ર તોડે, નમી ચાલે તેહને તું છોડે ॥ ૬ ॥ આવંતો થરહર કંપાવે, ડાહ્યાને જિમ તિમ બહકાવે ॥ પહિલો તું કેડમાંથી આવે, સાત શિરખ પણ શીત ન આવે ॥ ૭ ॥ હીં હીં હું હુકારકરાવે, પાંસળિયાં હાડાં

ફડડાવે ॥ ઉનાળે પણ અમલ જગાવે, તાપે પહિરણમાં મૂતરાવે ॥ ૮ ॥ આસો કાર્તીક-માં તુજ જોરો; હઠયો ન માને ધાગો દોરો ॥ દેશ વિદેશ પડાવે સોરો, કરે સબળ તું તાતો તોરો ॥ ૯ ॥ તું હાથીનાં હાડાં ભંજે, પાપીને તાડે કરપંજે, ભક્તિ વત્સલ ભાવે જો રંજે, તો શેવકને કોય ન ગંજે ॥ ૧૦ ॥ ફોડક તોડક ડમરૂ ડાકં, સુરપતિ સરિખા માને હાકં ॥ ધમકે ધુંસડ ધાંસડ ધાકં, ચઢતો ચાલે ચંચળ ચાકં ॥ ૧૧ ॥ પિશુન પછા-ડણ નહી કો તોથી, તુજ જસ બોલ્યા જાય ન કોથી ॥ શી અણખીલ કરો એ થોથી, મહેર કરી અળગા રહો મોથી ॥ ૧૨ ॥ ભક્ત થકી એવડીકાં ખેડો, અવલ અ-ામના છાંટા રેડો ॥ લાખા ભક્તનો એ નિવેડો, મહારાજ મૂકો મુજ કેડો ॥ ૧૩ ॥ લાજવશોમાં અજયા રાણી, ગુરૂ આણુ માનો ગુણ ખાણી ॥ ઘરે સિધાવો કરૂણા આણી,

કહુંછું નાકે લીટી તાણી ॥ ૧૪ ॥ મંત્ર સહિત એ છંદ જે પઢશે, તેહને તાવ કદી નવ ચઢશે ॥ કાંતિ કળા દેહી નીરોગં, લહેશે લખમી લીલા ભોગં ॥ ૧૫ ॥

॥ કલશ છપ્પય ॥

ૐ નમો ધરિ આદિ, બીજ ગુરૂ નામ વદીજે ॥ આનંદપુર અવનીશ, અજયપાળ આખીજે ॥ અજયા જાત અઢાર, વાંચિયે સાતે બેટા ॥ જપતાં એહિજ જાપ, ભક્તાશું ન કરે મેટા ॥ ઉતરે ચઢિયો અંગ, પળમેં તુજ વયણે સુદા ॥ કહે કાંતિ રોગ નાવે કદિ, સાર મંત્ર ગહિયે સદા ॥ ૧૬ ॥ ઇતિ જવરછંદ સમાપ્તમ્ ॥

એ છંદ સાત વાર, ચોદ વાર અથવા એકવીશ વાર સાંભળે અથવા ગણે, તો તાવ જતો રહે. ॥

અથ શ્રી મહાવીર સ્વામીનો છંદ.

સેવો વીરને ચિત્તમાં નિત્ય ધારો, અરિ ક્રોધને મનથી દૂર વારો ॥ સંતોષવૃત્તિ ધરો ચિત્તમાંહિ, રાગ દ્વેષથી દૂર થાઓ ઉચ્છાહિં ॥ ૧ ॥ પડયા મોહના પાસમાં જેહ પ્રાણી, શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી ॥ મનુ જન્મ પામી વૃથા કાં ગમો છો, જિનમાર્ગ છંડી ભૂલા કાં ભમો છો ॥ ૨ ॥ અલોભી અમાની નિરાગી તજો છો, સલોભી સમાની સરાગી ભજો છો ॥ હરિ હરાદિ અન્યથી શું રમો છો, નદી ગંગ મૂકી ગળીમાં પડો છો ॥ ૩ ॥ કેઇ દેવ હાથે અસિ ચક્રધારા, કેઇ દેવ ઘાલે ગળે રૂંઢમાળા ॥ કેઇ દેવ ઉત્સંગે રાખે છે વામા, કેઇ દેવ સાથે રમે વૃંદ રામા ॥ ૪ ॥ કેઇ દેવ જપે લેઇ જપમાળા, કેઇ માંસભક્ષી મહા વીકરાળા ॥ કેઇ યોગિણી ભોગિણી ભોગ રાગે, કેઇ રૂદ્રાણી છાગનો હોમ માગે ॥ ૫ ॥ ઇશા દેવ દેવીતણી

આશ રાખે, તદા મુક્તિનાં સુખને કેમ ચા
ખે ॥ જદા લોભના થોકનો પાર નાંચ્યો,
તદા મધનો બિંદુઓ મન ભાંચ્યો ॥ ૬ ॥
જેહ દેવતાં આપણી આશ રાખે, તેહ પિં-
ડને મન શું લેય ચાખે ॥ દીનહીનની ભીડ તે
કેમ ભાંજે, ફુટો ઢોલ હોએ કહો કેમ વાજે॥૭॥
અરે મૂઢ ભ્રાતા ભજો મોક્ષ દાતા, અલોભી પ્રભુને
ભજો વિશ્વખ્યાત॥ રત્ન ચિંતામણિ સારિખો
એહ સાચો, કલંકી કાચના પિંડ શું મત
રાચો ॥ ૮ ॥ મંદબુદ્ધિ શું જેહ પ્રાણી કહે
છે, સવિ ધર્મ એકત્વ ભૂલો ભમે છે ॥ કિ
હાં સર્ષવાને કિહાં મેરૂધીરં, કિહાં કાયરાને
કિહાં શુરવીરં ॥ ૯ ॥ કિહાં સ્વર્ણથાળં કિ
હાં કુંભખંડં, કિહાં કોદ્રવાને કિહાં ખીરમંડં
॥ કિહાં ખીર સિંધુ કિહાં ક્ષારનીરં, કિહાં
કામધેનુ કિહાં છાગખીરં ॥ ૧૦ ॥ કિહાં
સત્યવાચા કિહાં કૂડવાણી, કિહાં રંકનારી કિ
હાં રાયરાણી॥ કિહાં નારકીને કિહાં દેવ ભોગી,

કિહાં ઇંદ્રદેહી કિહાં કુષ્ટરોગી ॥ ૧૧ ॥
કિહાં કર્મઘાતી કિહાં કર્મધારી, નમો વીર-
સ્વામી ભજો અન્ય વારી ॥ જિસી સેજમાં
સ્વપ્નથી રાજ્ય પામી, રાચે મંદબુદ્ધિ ધરી
જેહ સ્વામી ॥ ૧૨ ॥ અથિર સુખ સંસા-
રમાં મગ્ન રાચે, તે જના મૂઢમાં શ્રેષ્ટ શું ઇ-
ષ્ટ છાજે ॥ તજો મોહ માયા હરો દંભ રો-
શી, સજો પુણ્ય પોષી ભજો તે અરોશી ॥
૧૩ ॥ ગતિ ચાર સંસાર અસાર પામી, આ
વ્યો આશ ધારી પ્રભુ પાય સ્વામી ॥ તુહીં
તુહીં તુહીં પ્રભુ પરમ રાગી, ભવફેરની
શૃંખલા મોહ ભાગી ॥૧૪॥ માનીયે વીરજી
અરજ છે એક મોરી, દીજે દાસકું સેવના
ચરણ તોરી ॥ પુણ્ય ઉદય હુવો ગુરૂ આજ
મેરો, વિવેકે લહ્યો મેં પ્રભુ દર્શ તેરો ॥૧૫॥

અથ શ્રી મહાવીરજિન છંદ.

(ત્રિભંગી છંદ.)

જિનશાસન સ્વામી, અંતરજામી, શિવગતિ ગામી, સુખકારી ॥ જગમેં જસવંતા, શ્રી ભગવંતા, સુગુણ અનંતા, ઉપગારી ॥ સિદ્ધારથ કુળ આયા, જગત સુહાયા, શુભપળ જાયા, ગુણધારી ॥ ધન ત્રિશલા નંદન, કુળધ્વજ સ્યંદન, જિન ચરણનકી બલિહારી ॥ ૧ ॥ આસન કંપાયા, સુરપતિ આયા, શીશ નમાયા, શુભ ભાવે ॥ વૈક્રિયકી પાસે, મેલી ઉલાસે, લે જિન તાસેં, ગિરિ આવે ॥ તિહાં પ્રભુજીનો, મહોચ્છવ કીનો, ફિર મુક દીનો, જ્યાં મહત્તારી ॥ ધન ત્રિશલા૦ ॥ ૨ ॥ યુગ વંદણા કરકે, નિદ્રા હરકે, સ્તવન ઉચરકે, ઘર જાવે ॥ ભઇ રવિ ઉગાઇ, ભૂધવ તાંઈ, દાસી વધાઇ, દરસાવે ॥ નૃપ મહોચ્છવ કીનો, દાનજ દીનો, હર્ષિત હૈયો, ‍હારી ॥ ધન૦ ॥ ૩ ॥ યૌવન વય માં-

હી, નારી વ્યાહી, અવસર પાહી, જોગ ગ્રહે ॥ તપસ્યા તન તાવે, સમ દમ ભાવે, ધ્યાન સુધ્યાવે, કષ્ટ સહે ॥ પ્રભુ ક્ષમાસાગર, જ્ઞાન ઉજાગર, ગુણ રત્નાગર, અઘ વારી ॥ ધન૦ ॥ ૪ ॥ શુદ્ધ સંયમ પાળે, દૂષણ ટાળે ॥ શિવમગ ચાલે, જગ ત્રાતા ॥ ક્રોધ માન ને માયા, લોભ હડાયા, મોહ ભગાયા, અરિ ઘાતા ॥ શૂકળ મન ધ્યાયા, કર્મ ખપાયા ॥ કેવળ પાયા, જિણવારી ॥ ધન૦ ॥ ૫ ॥ સુણિ નાથ બડાઇ, મન અકડાઇ, આયા ચલાઇ, પ્રભુ પાસે ॥ વિસ્મય અતિ પાયા, ચિત્ત લજાયા, ગર્વ ગમાયા, વીમાસે ॥ પ્રભુ ભર્મ મિટાયા, જિન મગ આયા, સંજમ ઠાયા, તિણ સારી ॥ ધન૦ ॥ ૬ ॥ પરથમ ઇંદ્રભૂતિ, પૂરવધર શ્રુતિ, ત્રિપદિ સંયુતિ, ફરમાયા ॥ ગણધર પદ લીના, પરમ પ્રવીના, સમ દમ ભીના, તન તાય ॥ ચુમ્માળીશે લારા, ગણધર ઇગ્યારા, ૭

અણુગારા, વ્રતધારી ॥ ધન૦ ॥ ૭ ॥ ચાર તીરથ થાપ્યાં, પાપ ઉથાપ્યાં, સુવ્રત આપ્યાં, નર નારી ॥ કેઈ સ્વર્ગ સિધાયા, કેઇ શિવ પાયા, શ્રી જિનરાયા, હિતકારી ॥ શૈલેશી ભાવે, પ્રભુ શિવ પાવે, જગમેં નાવે, અવિકારી ॥ ધન૦ ॥ ૮ ॥ પ્રભુ અલખ નિરંજન, ભવદુઃખ ભંજન, ભવિજન રંજન, કિરપાળા ॥ જે શુદ્ધ મન ધ્યાવે, દુઃખ પુલાવે, સુખ ઉપાવે, પ્રતિપાળા ॥ કહે ઋષિ તિલોકા, નીરત ધોકા, દેજો શિવ થોકા, ભવ પારી ॥ ધન૦ ॥ ૯ ॥ ઇતિ. ॥

जैनस्तुतिः

રાગ—ધનાશ્રી.

વિનતી ધરજો ધ્યાન, જીનપતિ વિનતિ ધરજો ધ્યાન.
ભવસાયરમાં ભુલા ભમીએ, નથી સુદ્ધ કે શાન ॥ જી૦
મોહ માયાએ અમપર કીધું, દુ:ખકર છેક દબાણુ ॥ જી૦
હાય હજારો કીધાં કુકર્મો, તેથી હાલ હેરાન ॥ જીન૦
સાંતપણે નથી કીધું કદાપી, ભક્તિ રસનું પાન ॥ જી૦
મ કરગૃહો હવે કૃપા કરીને, ભક્તવત્સળ ભગવાન ॥ જીન૦

પુસ્તક મંગાવનારને સૂચના.

(ગુજરાતી લિપિમાં છપાયેલાં)

શ્રી જૈન સજ્ઝાયમાળા ભાગ ૧ લો.
શ્રી જૈન સજ્ઝાયમાળા ભાગ ૨ જો.
શ્રી જૈન સજ્ઝાયમાળા ભાગ ૩ જો.
શ્રી જૈનતત્ત્વદીપક ગ્રંથ.
શ્રી સુયગડાંગ સૂત્ર ભાષાંતર ભાગ ૧ લો.
શ્રી જૈન સુબોધરત્નમાળા ભાગ ૧ લો.
શ્રી જૈન જ્ઞાનપ્રકાશ ભાગ ૧ લો.
[illegible] મુનિપતિ ચરિ
શ્રી ભક્તામરસ્તોત્ર રૂ. ૦। કલ્યાણમંદિરસ્તોત્ર
શ્રી જૈનસુબોધ ગુટકો ભાગ ૧ લો.
નિત્ય નિયમ પોથી ૦-૪ વૈરાગ્યોપદેશ પોથી ૦—
શ્રી વિવિધ જ્ઞાનવિલાસ. ૦—

સિવાય દેવનાગરી લિપીમાં છપાએલાં દશ વૈકા-
લિક સૂત્ર અર્થ પાઠ ભાષા સહિત (આવૃત્તી બીજી)
કિં. રૂ. ૨ બાવીશ પરીસહ કિં. રૂ. ૧ જૈન પાઠમાળા
કિં. ૦ાા શ્રી કમલપ્રભા કિં. ૦ા— શ્રી દશ વૈકાલિક
પાઠ કિં. રૂ. ૦ વિવિધ બોધ સંગ્રહ કિં. રૂ. ૦—
...ની જૈન ધર્મનાં પુસ્તકો મળશે

જૈન બુકસેલર.